RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 352 Dt. 27-06-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA

Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

૪૧ વર્ષ બાદ આખરે કેનેડાએ સ્વીકાર્યું

## એર ઈન્ડિયા 'કનિષ્ક'બ્લાસ્ટમાં ખાલિસ્તાનીનો હાથ



૩૨૯ મોત થયા હતા, જેમાં મોટાભાગના કેનેડિયન નાગરિકો હતા

નવી દિલ્હી, તા.૨૬

કેનેડાએ ૧૯૮૫ના એર ઈન્ડિયા કનિષ્ક ફ્લાઈટ ૧૮૨ બ્લાસ્ટ પાછળ ખાલિસ્તાની આતંકવાદીઓનો હાથ હોવાનું ૪૧ વર્ષે સ્વીકાર્યું છે. ૨૩ જૂન, ૧૯૮૫ના રોજ મોન્ટ્રિયલથી મુંબઈ જતી ફ્લાઈટ એટલાન્ટિક મહાસાગર પર ૩૧,૦૦૦ ફૂટની ઊંચાઈએ ઉડતી હતી ત્યારે બબ્બર ખાલસાના આતંકવાદીઓએ બોમ્બ વિસ્ફોટ કર્યો હતો. આ હુમલામાં ૩૨૯ નિર્દોષ લોકોના મોત થયા હતા, જેમાં મોટાભાગના કેનેડિયન નાગરિકો હતા.

વર્ષ ૧૯૮૫માં થયેલા એર ઈન્ડિયાના વિમાન બ્લાસ્ટ મામલે આંતરરાષ્ટ્રીય સ્તરે એક બહુ મોટો ખુલાસો થયો છે. કેનેડાની સરકારી એજન્સીએ આખરે સત્તાવાર રીતે સ્વીકારી લીધું છે કે આ ભયાનક આતંકી હુમલા પાછળ ખાલિસ્તાની આતંકવાદીઓનો જ હાથ હતો. ભારત શરૂઆતથી જ આ વલણ પર કાયમ હતું, પરંતુ કેનેડાએ આ સત્ય સ્વીકારવામાં ૪૧ વર્ષ જેટલો લાંબો સમય લગાડી દીધો. કેનેડિયન સિક્યુરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ (CSIS) દ્વારા આ હુમલાને તેમના દેશના ઈતિહાસનો સૌથી ઘાતક આતંકી હુમલો ગણાવવામાં આવ્યો છે.

આ ઘટના ૨૩ જૂન, ૧૯૮૫ના રોજ ઘટી હતી. કેનેડાના મોન્ટ્રિયલ એરપોર્ટ પરથી એર ઈન્ડિયાની ફ્લાઈટ ૧૮૨ (સમ્રાટ કનિષ્ક)એ મુંબઈ આવવા માટે ટેક ઓફ કર્યું હતું, જેનું લંડનમાં હોલ્ટ હતું. આ વિમાન જ્યારે આઈરિશ કોસ્ટથી આશરે ૨૦૦ માઈલ દૂર એટલાન્ટિક મહાસાગર પર ૩૧,૦૦૦ ફૂટની ઊંચાઈએ ઉડી રહ્યું હતું, ત્યારે અચાનક રડારમાંથી ગાયબ થઈ ગયું. આતંકી સંગઠન 'બબ્બર ખાલસા'ના આતંકવાદીઓએ વિમાનના કાર્ગો હોલ્ડ (સામાન રાખવાની જગ્યા)માં બોમ્બ ગોઠવ્યો હતો. હીથ્રો એરપોર્ટ પર પ્લેન લેન્ડ થાય તેના ૪૫ મિનિટ પહેલા જ હવામાં આ બોમ્બ ફાટ્યો અને ૮૨ બાળકો તેમજ ૪ નવજાત શિશુઓ સહિત કુલ ૩૨૯ નિર્દોષ લોકોના મોત નીપજ્યા હતા. આ અકસ્માત સમુદ્રની ઉપર થયો હોવાથી એટલાન્ટિક મહાસાગરમાંથી માત્ર ૧૩૧ મૃતદેહ જ મળી શક્યા હતા.

આતંકવાદના પીડિતોની યાદમાં મનાવવામાં આવતા રાષ્ટ્રીય દિવસ પર CSISએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ વાત જાહેર કરી છે. એજન્સીએ લખ્યું કે, '૨૩ જૂન, ૧૯૮૫ના રોજ કેનેડામાં સક્રિય ખાલિસ્તાની ચરમપંથીઓએ વિમાનમાં બોમ્બ મૂક્યો હતો, જેના કારણે તેમાં સવાર તમામ લોકોના મોત થયા હતા, જેમાં મોટાભાગના કેનેડિયન નાગરિકો હતા. તે સમયે CSISની સ્થાપનાને ૧ વર્ષથી પણ ઓછો સમય થયો હતો અને આ ભયાનક ટ્રેજેડીએ તેમની સુરક્ષા વ્યવસ્થાના વિકાસને એક નવી દિશા આપી હતી.'

## ઓપરેશન સિંદૂરના ૬ શહીદો

### ૫ સેનાના અને ૧ એરફોર્સનો જવાન પહેલગામ હુમલા પછી PoKમાં કરાયો હતો હુમલો




નવી દિલ્હી, તા.૨૬

ઓપરેશન સિંદૂર દરમિયાન શહીદ થયેલા ભારતીય સશસ્ત્ર દળોના ૬ જવાનોના નામ પહેલીવાર સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા છે. આ નામોને નેશનલ વોર મેમોરિયલની વેબસાઈટના 'રોલ ઓફ ઓનર'માં સામેલ કરવામાં આવ્યા છે. તેમજ નવી દિલ્હી સ્થિત રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકની ૩૯ વોલ પર વર્ષ ૨૦૨૫ના ખંડમાં પણ તેમના નામ અંકિત કરાયા છે. નેશનલ વોર મેમોરિયલના ત્યાગ ચક્રમાં ૧૬ ગોળ ગ્રેનાઈટની દીવાલો છે, જેના પર આઝાદી પછી દેશ માટે બલિદાન આપનાર દરેક સૈનિકનું નામ, રેન્ક અને યુનિટ લખેલા છે.

ઉલ્લેખનીય છે કે, ૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલામાં ૨૬ પ્રવાસીઓની હત્યા કરવામાં આવી હતી. જેના જવાબમાં ભારતીય સેનાએ ૬-૭ મેની રાત્રે PoKમાં આતંકી ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. આ ઓપરેશનમાં ૧૦૦થી વધુ આતંકીઓને ઠાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ભારત-પાકિસ્તાન વચ્ચે ૪ દિવસ હવાઈ યુદ્ધ ચાલ્યું હતું અને ૧૦ મેના રોજ બંને દેશો વચ્ચે યુદ્ધવિરામ થયો હતો.

ઓપરેશન સિંદૂરમાં શહીદ થયેલા સપૂતોમાં લાન્સ નાયક દિનેશ કુમાર (૫ ફિલ્ડ રેજીમેન્ટ, નિધનઃ ૭ મે), એવિએટર મૂડ મુરલીનાયક (૮૫૧ લાઈટ રેજીમેન્ટ, નિધનઃ ૯ મે) સાર્જન્ટ સુરેન્દ્ર કુમાર (વાયુસેના પદક, ૩૯ વિંગ, નિધનઃ ૧૦ મે), સૂબેદાર મેજર પવન કુમાર (હેડક્વાર્ટર, ૧૦ ઈન્ફન્ટ્રી બ્રિગેડ, નિધનઃ ૧૦ મે) રાઈફલમેન સુનીલ કુમાર (વીર ચક્ર, ૪ જમ્મુ-કાશ્મીર ઈન્ફન્ટ્રી, નિધનઃ ૧૦ મે), હવાલદાર સુનિલકુમાર સિંહ (૨૩૭ વર્કશોપ કંપની, નિધનઃ ૬ જૂન) આ શહીદોમાંથી બે જવાનોને વીરતા સન્માન મળી ચૂક્યું છે. રાઈફલમેન સુનીલ કુમારને મરણોત્તર 'વીર ચક્ર' આપવામાં આવ્યો હતો, જ્યારે સાર્જન્ટ સુરેન્દ્ર કુમારને તેમની અદમ્ય બહાદુરી માટે મરણોત્તર 'વાયુ સેના મેડલ' એનાયત કરવામાં આવ્યો છે.

## પહેલા અમારું અનાજ ખરીદો, તો જ ફંડ મળશે


ઈરાનને બાર બિલિયન ડોલર આપતા પહેલા ટ્રમ્પની આકરી શરત

નવીદિલ્હી,તા.૨૬

અમેરિકા અને ઈરાન વચ્ચે ૧૨ બિલિયન ડોલરના ફ્રોઝન ફંડના ઉપયોગને લઈને નવો વિવાદ સર્જાયો છે. અમેરિકા ઈચ્છે છે કે ઈરાન આ રકમથી અમેરિકન ખેડૂતો પાસેથી ઘઉં ખરીદે, પરંતુ ઈરાને આ શરત ફગાવી દીધી છે.

તેહરાનનું કહેવું છે કે પૈસાનો ઉપયોગ ક્યાં કરવો તે તેનો પોતાનો નિર્ણય છે. સ્વિટ્ઝર્લેન્ડમાં થયેલી બેઠક બાદ પણ મડાગાંઠ યથાવત છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ બાદ હવે વેપાર અને ફ્રીઝ કરાયેલા ફંડના ઉપયોગને લઈને એક નવો રાજદ્વારી વિવાદ ઊભો થયો છે. અમેરિકા ઈચ્છે છે કે ઈરાનના ફ્રીઝ કરાયેલા ૧૨ બિલિયન એટલે કે અંદાજે ૧.૧૩ લાખ કરોડ રૂપિયાનો ઉપયોગ અમેરિકન ખેડૂતો પાસેથી ઘઉં અને અન્ય કૃષિ ઉત્પાદનો ખરીદવા માટે કરવામાં આવે. જોકે, તેહરાને આ શરતને સખત શબ્દોમાં ફગાવી દીધી છે અને સ્પષ્ટ કર્યું છે કે આ નાણાં ક્યાં ખર્ચવા તેનો નિર્ણય તે પોતે જ કરશે.

સ્વિટ્ઝરલેન્ડમાં ઉચ્ચસ્તરીય બેઠક અને વિરોધાભાસી દાવા બંને દેશો વચ્ચે યુદ્ધવિરામને લઈને સ્વિટ્ઝરલેન્ડમાં શાંતિ ચર્ચા ચાલી રહી છે. ગયા સપ્તાહે થયેલા વચગાળાના કરાર બાદ પ્રથમ ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠક બાદ ઈરાનના મુખ્ય વાટાઘાટકાર મોહમ્મદ બાઘેર ઘાલિબાફે જણાવ્યું કે બંને પક્ષો ૧૨ બિલિયનના ફ્રીઝ ફંડને મુક્ત કરવા માટે સંમત થયા છે.

જોકે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે આ કરારને તદ્દન અલગ રીતે રજૂ કર્યો હતો. જેડી વેન્સના જણાવ્યા અનુસારઃ

આ રકમ સીધેસીધી ઈરાન સરકારના હાથમાં સોંપવામાં નહીં આવે.તેના બદલે, આ નાણાંનો ઉપયોગ અમેરિકા પાસેથી ઘઉં, મકાઈ, સોયાબીન અને અન્ય ખાદ્ય ઉત્પાદનો ખરીદવા માટે જ કરવો પડશે. આનાથી ઈરાનની ખાદ્ય જરૂરિયાતો પણ પૂરી થશે અને અમેરિકન ખેડૂતોને મોટો આર્થિક લાભ મળશે.

વડાપ્રધાન ડોનાલ્ડ ટ્રમ્પે પણ આ વલણને સમર્થન આપતાં સોશિયલ મીડિયા પર લખ્યું કે, પ્રતિબંધોમાં મળનારી રાહત અને મુક્ત થનારી રકમ અમેરિકાના જ નિયંત્રણ હેઠળના ખાતામાં રહેશે. તેનો ઉપયોગ માત્ર ખાદ્ય સામગ્રી, દવાઓ અને માનવતાવાદી જરૂરિયાતોની વસ્તુઓ ખરીદવા માટે જ થઈ શકશે.

ઈરાને અમેરિકાના આ તમામ દાવા અને શરતોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘઈએ જણાવ્યું કે,એકવાર ફ્રીઝ કરાયેલી રકમ મુક્ત થઈ જાય પછી તેના પર સંપૂર્ણ અને સાર્વભૌમ અધિકાર માત્ર ઈરાનનો જ રહેશે.

તેમણે ઉમેર્યું કે જો ભવિષ્યમાં કૃષિ ઉત્પાદનો ખરીદવામાં આવશે, તો પણ તેનો નિર્ણય ગુણવત્તા, કિંમત અને જરૂરિયાતના આધારે લેવાશે, અમેરિકાની શરતોના આધારે નહીં. જિનિવામાં ઈરાનના રાજદૂત અલી બહરીનીએ પણ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે પોતાનો આર્થિક નિર્ણય લેવો એ ઈરાનનો સંપ્રભુ અધિકાર છે અને કોઈ અન્ય દેશ તેના પર શરતો લાદી શકે નહીં.

### અંતિમ શાંતિ કરારમાં આવી શકે છે અડચણ

રાજકીય નિષ્ણાતોનું માનવું છે કે આ પ્રકારના આર્થિક મતભેદો અંતિમ શાંતિ કરારના માર્ગને વધુ મુશ્કેલ બનાવી શકે છે. અમેરિકાના ઘણા સાંસદો પહેલેથી જ ઈરાનને કોઈપણ પ્રકારની આર્થિક રાહત આપવાના વિરોધમાં છે. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય કંપનીઓ પણ પ્રતિબંધોના ભયને કારણે ઈરાન સાથે વેપાર કરતા ડરે છે.

વેપારના આંકડાઃ હાલમાં બંને દેશો વચ્ચેનો વેપાર માત્ર દવાઓ અને માનવતાવાદી સહાય પૂરતો જ મર્યાદિત છે. વર્ષ ૨૦૨૪માં અમેરિકા અને ઈરાન વચ્ચે કુલ વેપાર આશરે ૮૩૮ મિલિયન રહ્યો હતો.

જો આ સમજૂતી આગળ વધશે તો પણ ઈરાન પોતાની આયાતને માત્ર અમેરિકા પૂરતી મર્યાદિત રાખવા માંગતું નથી. આ સ્થિતિ જોતાં ફ્રીઝ ફંડના ઉપયોગને લઈને અમેરિકા અને ઈરાન વચ્ચેની આ ખેંચતાણ લાંબી ચાલે તેવા સંકેતો મળી રહ્યા છે.

## ટ્રેડ ડીલ માટે અમેરિકા સામે ભારતે મૂકી મોટી શરત

### હવે ૧૮ ટકા ટેરિફ મંજૂર નથી!

નવી દિલ્હી, તા.૨૬

ભારત-અમેરિકા વચ્ચે મહત્વાકાંક્ષી વ્યાપાર કરાર પર કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે વાતચીત પૂર્ણ છે, પરંતુ અમેરિકા પાસેથી ભારતીય નિકાસને વિશેષ ટેરિફ લાભની ગેરંટી ન મળે ત્યાં સુધી ભારત ડીલ પર સહી નહીં કરે. ભારત કાપડ, દવા, એન્જિનિયરિંગ ઉત્પાદનો પર વિયેતનામ કે બાંગ્લાદેશ કરતાં ઓછો ટેરિફ ઈચ્છે છે. આર્થિક મહત્વપૂર્ણ આ ડીલ ૬ ફેબ્રુઆરીથી ફાઈનલ કરવા પ્રયત્નો ચાલુ છે.

ભારત અને અમેરિકા વચ્ચેની મહત્વાકાંક્ષી વ્યાપાર કરાર પર ગમે ત્યારે હસ્તાક્ષર થઈ શકે છે તેવી ચર્ચાઓ વચ્ચે કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલનું એક બહુ મોટું નિવેદન સામે આવ્યું છે. ગોયલે સ્પષ્ટ કર્યું છે કે બંને દેશો વચ્ચે વ્યાપાર સમજૂતી માટેની વાતચીત લગભગ પૂરી થઈ ચૂકી છે, પરંતુ ભારત એક મહત્વપૂર્ણ શરત પૂરી ન થાય ત્યાં સુધી આ ડીલ પર સહી કરવા માટે તૈયાર નથી. ભારતને અમેરિકા પાસેથી સત્તાવાર ગેરંટી જોઈએ છે કે તેના નિકાસ થતા માલને અમેરિકન માર્કેટમાં અન્ય દેશોની સરખામણીએ ટેરિફનો વિશેષ લાભ મળવો જ જોઈએ.

આ ડીલમાં થઈ રહેલા વિલંબ પાછળનું મુખ્ય કારણ ટેરિફ રેટ છે. ભારત ઈચ્છે છે કે અમેરિકામાં નિકાસ થતી ભારતની વસ્તુઓ, ખાસ કરીને કાપડ, દવાઓ અને એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સ પર વિયેતનામ કે બાંગ્લાદેશ જેવા હરીફ દેશોની સરખામણીએ ઓછો આયાત ટેરિફ લાગવો જોઈએ.

એક જ પરિવારના છ ગુનેગારોએ ફુલપ્રૂફ પ્લાનથી આપ્યો હતો લૂંટના કાવતરાને અંજામ

## શાપરની ૨.૫૦ કરોડની લૂંટનો ભેદ ઉકેલાયોઃ MPની ખૂંખાર ગેંગના ૩ ઝબ્બે

રાજકોટ રૂરલ એલસીબીની આગેવાનીમાં ૧૫ ટીમોને સફળતાઃ ડ્રોનથી સર્વેલન્સ અને ઘનઘોર જંગલોમાં કોમ્બિંગ બાદ મળી મોટી સફળતા;



મુખ્ય સૂત્રધાર સહિત ૩ ઝડપાયા-બોલેરો કબ્જેઃ જો કે અઢી કરોડ સાથે સૂત્રધારનો પિતરાઈ સહિત ૩ ફરારઃ માત્ર એકાદ લાખ જેવી રોકડ મળી

રાજકોટ,તા.૨૬


જિલ્લાના ઔદ્યોગિક વિસ્તાર શાપર-વેરાવળમાં રહેતા આધેડને તેમના જ ઘરમાં બંધક બનાવી આચરવામાં આવેલી રૂ. ૨.૫૦ કરોડની સનસનાટીભરી લૂંટનો ભેદ ઉકેલવામાં રાજકોટ રૂરલ પોલીસને મોટી સફળતા સાંપડી છે. મધ્યપ્રદેશ અને દાહોદના સરહદી જંગલોમાં ફિલ્મી ઢબે ઓપરેશન પાર પાડીને પોલીસે આ ખૂંખાર ગેંગના ૩ સાગરીતોને દબોચી લીધા છે અને ગુનામાં વપરાયેલી બોલેરો ગાડી કબજે કરી છે. જો કે, લૂંટનો મુખ્ય સૂત્રધાર તમામ રોકડ રકમ લઈને ફરાર થઈ જતાં પોલીસ હવે તેને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

વિગતો જોઈએ તો શાપર-વેરાવળ વિસ્તારમાં રહેતા જીતેન્દ્રસિંહ જાડેજા (ઉં.વ. ૭૭)ના ઘરમાં ઘૂસીને આશરે છ જેટલા સશસ્ત્ર લૂંટારૂઓએ અઢી કરોડ રૂપિયાની લૂંટ ચલાવી હતી. આ લૂંટારૂઓએ પોલીસ પકડથી બચવા માટે અત્યંત ફુલપ્રૂફ યોજના બનાવી હતી. તેઓ ઘટનાસ્થળે કોઈ વાહન લઈને આવ્યા ન હતા, જેથી વાહનના નંબરના આધારે પોલીસ તેમના સુધી ન પહોંચી શકે. ઘટનાને અંજામ આપ્યા બાદ તેઓ થોડા કિલોમીટર સુધી ચાલીને ગયા હતા અને નજીકની આંજનેય સોસાયટીમાંથી ત્રણ બાઈકની ચોરી કરી હતી.

ત્યારબાદ લૂંટારૂઓએ પોતાની યોજના બદલી નાખી હતી. આંજનેય સોસાયટીથી આશરે ૨૦૦ મીટર દૂર ખેતરમાં એક બાઈક બિનવારસુ મૂકી દીધું હતું અને બાકીના બે બાઈક પર સવાર થઈને લૂંટારૂઓ ફરાર થઈ ગયા હતા. પોલીસ પોતાના સુધી ન પહોંચી શકે તે માટે લૂંટારૂઓએ ચહેરા પર મોટા ઢાંકી રાખ્યા હતા અને લૂંટ દરમિયાન તથા ભાગતી વખતે એકબીજા સાથે વાત કરવાનું પણ ટાળ્યું હતું, જેથી તેમની ભાષા કે ઓળખ છતી ન થાય. ફરિયાદી જીતેન્દ્રસિંહે આ લૂંટારૂઓ પરપ્રાંતના હોવાની આશંકા વ્યક્ત કરી હતી. આ શંકા સાચી ઠરી છે. ઘટનાની જાણ થતાં જ રાજકોટ જિલ્લા પોલીસ હરકતમાં આવી ગઈ હતી પરંતુ શરૂઆતના ૨૪ કલાક સુધી પોલીસને કોઈ સફળતા મળી ન હતી. તપાસ દરમિયાન પોલીસને ધોળરાથી થઈને હડકુબા ચોકડીથી રસુલપરા સુધી લૂંટારૂઓની કડી મળી હતી. ગોંડલ ચોકડી બ્રિજ ઉપર સુધી લૂંટારૂઓના સીસીટીવી ફૂટેજ પોલીસને મળ્યા હતા, પરંતુ ત્યારબાદ તેઓ ક્યાં ગાયબ થઈ ગેયા તે અંગે કોઈ ચોક્કસ માહિતી મળતી ન હતી. લૂંટારૂઓએ પોલીસને ગુમરાહ કરવાના તમામ પ્રયાસો કર્યા હતા. દિવસ રાત જોયા વગર રૂરલ ક્રાઈમ બ્રાન્ચની પંદર ટિમો કામે લાગી હતી અને અંતે સફળતા મળી છે. ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે રાજકોટ રૂરલ ક્રાઈમ બ્રાન્ચને મહત્વની કડીઓ મળી હતી કે આ લૂંટમાં મધ્યપ્રદેશની એક જ પરિવારના સભ્યો ધરાવતી ખૂંખાર ગેંગ સામેલ છે. રાજકોટ રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરની રાહબરી હેઠળ રૂરલ એલસીબી, એસઓજી અને રાજકોટ રેન્જ સહિતની ૧૫ થી ૨૦ ટીમો કામે લગાડવામાં આવી હતી. પોલીસનું પગેરું એમપી અને ગુજરાત સરહદે આવેલા દાહોદના ગરબાડા સુધી પહોંચ્યું હતું. ગરબાડાથી અંદર આશરે ૮૦ કિલોમીટર ઘનઘોર જંગલ વિસ્તારમાં અને ઈન્દોર આસપાસના વિસ્તારોમાં પોલીસે ડ્રોન કેમેરા, મોબાઈલ ટાવર લોકેશન અને બાતમીદારોની મદદથી લૂંટારૂઓનું લોકેશન ટ્રેક કર્યું હતું. રાત-દિવસ જોયા વગર કરાયેલા આ ઓપરેશનમાં પોલીસે આખરે ગેંગના ૩ ખૂંખાર સદસ્યોને ઝડપી લેવામાં મોટી સફળતા મેળવી છે. પોલીસે ગરબાળાના જંગલમાંથી, ઈન્દોરથી આરોપીઓને દબોચ્યા છે. તેમજ એક બોલેરો અને એકાદ લાખની રોકડ જપ્ત કરી છે. પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલી એક બોલેરો ગાડી કબજે કરી છે. તેમજ લૂંટારૂઓએ શાપરમાંથી ચોરેલા બે હોન્ડા બાઈક કુવાડવા આર.કે. ઈન્ડસ્ટ્રીઝ પાસેથી બિનવારસુ હાલતમાં મળી આવ્યા છે. જો કે પોલીસ માટે હજુ મોટો પડકાર એ છે કે લૂંટવામાં આવેલી અઢી કરોડની રોકડમાંથી માત્ર એકાદ લાખ રૂપિયા જ હાથમાં આવ્યા છે. લૂંટની રકમનો ભાગ પાડ્યા વગર જ મુખ્ય સૂત્રધારનો પિતરાઈ ભાઈ બીજા બે સાગરીત સાથે તમામ રોકડ લઈને નાસી છૂટ્યો છે. આ બાકીના આરોપીઓને કરોડોની રોકડ રકમ સાથે પકડવા પોલીસ માટે લોઢાના ચણા ચાવવા જેવું સાબિત થઈ રહ્યું છે, પરંતુ રૂરલ એલસીબીની ટીમો હજુ પણ અલગ-અલગ વિસ્તારોમાં સઘન તપાસ ચલાવી રહી છે. ચોટીલા પાસે જે નમ્બર પ્લેટ મળી હતી એ ઘટના આ લૂંટ સાથે સંલગ્ન નથી. લૂંટમાં વપરાયેલી બોલેરો જપ્ત થઈ છે. વધુ વિગતો પ્રેસ કોન્ફરન્સ યોજીને અપાશે.

### સૂર્યપ્રકાશથી સોલર સુધી, ગુજરાત સરકારનો ગ્રીન એનર્જી રોડમેપ

# વીજ બચતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર કચેરીનું કરાશે સન્માન




ગાંધીનગર, તા.૨૬

ગ્લોબલ વોર્મિંગ અને દિન-પ્રતિદિન વધતા જતા તાપમાનને કારણે વીજળીની માંગમાં સતત વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે રાજ્યની તમામ સરકારી-અર્ધસરકારી કચેરીઓ, બોર્ડ-કોર્પોરેશનો અને જાહેર ઈમારતોમાં ઊર્જા કાર્યક્ષમતા તેમજ બચત માટે એક વ્યાપક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. ગુજરાત સરકારના ઊર્જા બચાવો અભિયાન અંતર્ગત ઊર્જા અને પેટ્રોકેમિકલ તેમજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય કામકાજની ક્ષમતાને અસર કર્યા વિના બિનજરૂરી વીજ વપરાશ ઘટાડીને નાણાકીય શિસ્ત અને પર્યાવરણીય લક્ષ્યાંકો પ્રાપ્ત કરવાનો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને ઊર્જા-પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર તમામ જાહેર ક્ષેત્રોમાં ઊર્જા કાર્યક્ષમતા, ઊર્જા ઉત્પાદન, ટકાઉ વિકાસ અને ખર્ચ-અસરકારકતાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે. રાજ્યની સરકારી કચેરીઓ અને વહીવટી ઈમારતો એ સંસ્થાકીય વીજળી વપરાશનો એક મહત્વપૂર્ણ ભાગ છે. જ્યાં કામકાજની ક્ષમતાને અસર કર્યા વિના મોટા પ્રમાણમાં ઊર્જા બચાવી શકાય છે, જેને અનુલક્ષીને રાજ્ય સરકાર દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા મુજબ વીજ બચતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર કચેરીને રાજ્ય સરકાર દ્વારા સન્માનિત પણ કરવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા તમામ અધિકારીઓ અને કર્મચારીઓ માટે જવાબદારીપૂર્વકના ઊર્જા વપરાશની વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. ઓફિસ સમય પૂર્ણ થયા બાદ, સપ્તાહના અંતે અથવા જાહેર રજાઓના દિવસોમાં તમામ લાઈટ, પંખા, એસી અને કમ્પ્યુટર સિસ્ટમ ફરજિયાત બંધ રાખવાની રહેશે. જે અધિકારીઓ રજા પર કે ફિલ્ડ ડ્યુટી પર હોય તેમની ખાલી કેબિનના વીજ ઉપકરણો પણ બંધ રાખવા માટે કચેરીના વડાઓએ દૈનિક દેખરેખ રાખવાની રહેશે તેમજ દરેક મોટા વિભાગમાં 'નોડલ અધિકારી' ની નિમણૂક કરવામાં આવશે.

BEEના નોટિફિકેશન અનુસાર, તમામ સરકારી કચેરીઓમાં એર કન્ડીશનરનું ડિફોલ્ટ ટેમ્પરેચર સેટિંગ ફરજિયાત ૨૪ ડિગ્રી સેલ્સિયસ રાખવાનું રહેશે. આ ઉપરાંત, મેન્યુઅલ ભૂલોને કારણે થતો વીજ વ્યય અટકાવવા માટે કચેરીના કોરિડોર્સ, મીટિંગ રૂમ, પાર્કિંગ એરિયા અને શૌચાલયોમાં આપમેળે કામ કરતા ઓક્યુપન્સી સેન્સર્સ અને ટાઈમર આધારિત ઓટોમેશન કંટ્રોલ સિસ્ટમ્સ સ્થાપિત કરવામાં આવશે. કચેરી સમય બાદ એટલે કે સાંજે ૬ વાગ્યા પછી વોટર કુલર બંધ કરવા અને સવારે ૯ વાગ્યા પછી જ ચાલુ કરવાની ચુસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

ઊર્જા ક્ષેત્રે મોટા સુધારાના ભાગરૂપે, તમામ સરકારી ઈમારતોમાં જૂની પરંપરાગત લાઈટોને બદલીને વીજળી બચાવતી આધુનિક LED લાઈટો લગાવવામાં આવશે અને ભવિષ્યની ખરીદીમાં ૫-સ્ટાર રેટિંગવાળા સાધનોને જ પ્રાથમિકતા અપાશે. મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં સેન્ટ્રલાઈઝ કંટ્રોલ મોનિટરિંગ સિસ્ટમ-CCMS મારફતે સ્ટ્રીટ લાઈટો ચાલુ-બંધ કરવાનો સમય સૂર્યોદય અને સૂર્યાસ્તના ખગોળીય સમય સાથે સેન્ટ્રલ લિંક કરી દરરોજ ૬૦ મિનિટની સીધી વીજ બચત કરાશે. એટલું જ નહીં, રાત્રે ૧૨ થી સવારે ૪ વાગ્યા સુધીના ઓછા ટ્રાફિક વાળા સમયે પ્રાયોગિક ધોરણે એકાંતરે પોલની લાઈટો બંધ રાખવાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

તદુપરાંત બહુમાળી મકાનોમાં લિફ્ટનો ઉપયોગ ઘટાડી અને સીડીનો ઉપયોગ થાય તે પ્રકારે જાગૃતિ માટેના પોસ્ટરો લગાડવામાં આવશે. દિવસ દરમિયાન સૂર્યપ્રકાશ મળતો હોય તો ઓછામાં ઓછી લાઈટોનો વપરાશ કરી શકાય તે માટેના પ્રયત્નો હાથ ધરવામાં આવશે. વિવિધ સરકારી કચેરીઓમાં સોલાર પેનલ સિસ્ટમ લાગી શકે તેવી ખુલ્લી જગ્યા મળતી હોય તો તે લગાવવા માટેનું જરૂરી આયોજન કરવાનું રહેશે. GEDA દ્વારા જે સરકારી મકાનોમાં વીજ ઉત્પાદન માટે સોલાર પેનલ લગાડવામાં આવી છે તે ચકાસણી કરી કાર્યરત ન હોય તો તેને પુનઃકાર્યરત થાય તેમજ યોગ્ય ક્ષમતાનું વીજ ઉત્પાદન થાય તે માટેની કાર્યવાહી કરવામાં આવશે.

રાજ્ય સરકારના આ આદેશોનો યોગ્ય અમલ થાય, તે માટે દેખરેખનું યોગ્ય માળખું તૈયાર કરવામાં આવ્યું છે. તમામ વિભાગોએ આગામી ૪૫ દિવસની અંદર પોતાનો ''ઓફિસ એનર્જી એફિશિયન્સી એક્શન પ્લાન'' તૈયાર કરી ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી-GEDAને સબમિટ કરવાનો રહેશે. આ ઉપરાંત ઊર્જા વપરાશ અંગેના ત્રિમાસિક અહેવાલો મોકલવાના અને દર વર્ષે થર્ડ-પાર્ટી એનર્જી ઓડિટર્સ દ્વારા ફરજિયાત ઊર્જા ઓડિટ કરાવવાનું રહેશે. જે કચેરીઓ આ અભિયાનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરશે તેમને પ્રોત્સાહિત કરી સન્માનિત પણ કરવામાં આવશે, તેમ ઊર્જા-પેટ્રોકેમિકલ તેમજ માર્ગ-મકાન વિભાગની સંયુક્ત યાદીમાં જણાવાયું છે.



### અમદાવાદમાં નશાના કાળા કારોબારનો પર્દાફાશ

# ૮.૩૨ કરોડની ટ્રામાડોલ ટેબલેટ સાથે રાજસ્થાનનો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત એન્ટી-ટેરરિઝમ સ્કવોડ (ATS) એ રાજ્યમાં નશીલા પદાર્થોના કાળા કારોબાર સામે લાલ આંખ કરી વધુ એક મોટું ઓપરેશન પાર પાડ્યું છે. પોલીસે અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં એક લક્ઝરી બસમાંથી આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે રૂ. ૮.૩૨ કરોડની કિંમત ધરાવતી પ્રતિબંધિત ડ્રગ્સની ૨.૦૮ લાખ ટેબ્લેટ્સ જપ્ત કરી છે. આ આંતરરાજ્ય ડ્રગ્સ સિન્ડિકેટના મુખ્ય સૂત્રધાર અને રાજસ્થાનના મેડિકલ સ્ટોકિસ્ટની ઉદયપુરથી ધરપકડ કરવામાં આવી છે.

અમદાવાદમાં નશાના કાળા કારોબારનો પર્દાફાશ

૮.૨ કરોડની ટ્રામાડોલ ટેબલેટ સાથે રાજસ્થાનનો શખસ ઝડપાયો ગુજરાત એન્ટી-ટેરરિઝમ સ્કવોડ (ATS) એ રાજ્યમાં નશીલા પદાર્થોના કાળા કારોબાર સામે લાલ આંખ કરી વધુ એક મોટું ઓપરેશન પાર પાડ્યું છે. પોલીસે અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં એક લક્ઝરી બસમાંથી આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે રૂ. ૮.૩૨ કરોડની કિંમત ધરાવતી પ્રતિબંધિત ડ્રગ્સની ૨.૦૮ લાખ ટેબ્લેટ્સ જપ્ત કરી છે. આ આંતરરાજ્ય ડ્રગ્સ સિન્ડિકેટના મુખ્ય સૂત્રધાર અને રાજસ્થાનના મેડિકલ સ્ટોકિસ્ટની ઉદયપુરથી ધરપકડ કરવામાં આવી છે. અઝજ ના નાયબ પોલીસ અધિક્ષક (DySP)ને ચોક્કસ બાતમી મળી હતી કે, મૂળ રાજસ્થાનનો અને હાલ વલસાડના પારડીમાં રહેતો પરેશ પારસમલ જૈન લાંબા સમયથી પ્રતિબંધિત ટ્રામાડોલ ગોળીઓના ગેરકાયદે વેપારમાં સંકળાયેલો છે. બાતમીના આધારે ટેકનિકલ સર્વેલન્સ ગોઠવતા જાણવા મળ્યું હતું કે, ૨૫ જૂનના રોજ અંકલેશ્વરથી 'ન્યૂ મહાવીર મેડિકલ'ના નામે અન્ય દવાઓનું બોગસ ટેક્સ ઇન્વોઇસ બનાવીને 'એમ.આર. ટ્રાવેલ્સ'ની લક્ઝરી બસમાં આ જથ્થો રાજસ્થાનના પાલી મોકલવામાં આવી રહ્યો છે.

બાતમીના આધારે ATSની ટીમે મોડી રાત્રે શાહીબાગ નમસ્તે સર્કલ પાસે આવેલી ટ્રાવેલ્સની ઓફિસ નજીક વોચ ગોઠવી હતી. આમ, બસ આવતા જ તેને આંતરીને તલાશી લેતા પાર્સલમાંથી બોક્સ નંબર ૬ મળી આવ્યું હતું. આ બોક્સમાંથી 'Scovidol-100' બ્રાન્ડ નામ ધરાવતી ટ્રામાડોલ હાઈડ્રોક્લોરાઈડ ૧૦૦ મિલીગ્રામની કુલ ૨,૦૮,૦૦૦ ટેબ્લેટ્સ (૪,૧૬૦ સ્ટ્રિપ્સ) મળી આવી હતી, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત રૂ. ૮.૩૨ કરોડ આંકવામાં આવી છે. બીજી તરફ, મુખ્ય આરોપી પરેશ જૈન રાજસ્થાન ભાગી ગયો હતો. જોકે, ATS ની ટીમે પીછો કરીને તેને ઉદયપુર જિલ્લાના ગોગુંદા તાલુકામાંથી ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે, મે-૨૦૨૬ થી જૂન-૨૦૨૬ ના માત્ર બે જ મહિનાના ટૂંકા ગાળામાં તેણે ૨૫ જેટલા કન્સાઇનમેન્ટ દ્વારા કુલ ૬૨.૫૪ લાખ ટ્રામાડોલ ગોળીઓ ખરીદીને રાજસ્થાન અને ઉત્તર પ્રદેશમાં સપ્લાય કરી હતી. ચાલુ વર્ષે મે મહિનામાં મેડિકલ સ્ટોકિસ્ટનું લાયસન્સ મેળવ્યા બાદ તેણે આ કાયદેસરના ધંધાની આડમાં ડ્રગ્સનો કાળો કારોબાર શરૂ કર્યો હતો.

પરેશ જૈન અગાઉ પણ ઉત્તરાખંડના હરિદ્વાર અને મહારાષ્ટ્રના થાણેમાં કોડીન યુક્ત કફ સિરપના ગેરકાયદે જથ્થા સાથે NDPS એક્ટ હેઠળ પકડાઈ ચૂક્યો છે. આ ઉપરાંત, ગત મહિને વાપીમાંથી ઝડપાયેલા ૨.૩૮ કિલો મેફેડ્રોન (MD Drugs) ના કેસમાં પણ તેનું નામ ખુલ્યું હતું. ATS હાલમાં આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય સાગરીતો અને અંકલેશ્વરથી ડ્રગ્સ સપ્લાય કરનારા મુખ્ય સોર્સની વિગતો મેળવવા વધુ તપાસ ચલાવી રહી છે.

## આસ્થા પર વાજ્રઘાત : સુરક્ષા અને પારદર્શિતા સામે સવાલ ઉઠાવતી વૈશ્વિક ઘટનાઓ

છેલ્લા ૪૦-૫૦ વર્ષમાં ધાર્મિક સ્થાનોની સુરક્ષા અને પારદર્શિતા સામે સવાલ ઉઠાવતી વૈશ્વિક અને રાષ્ટ્રીય ઘટનાઓનો વિસ્તૃત ચિતારઃ કરોડોની રોકડથી લઈને પ્રાચીન મૂર્તિઓની આંતરરાષ્ટ્રીય તસ્કરી

# અયોધ્યા પહેલાં દેશ-વિદેશના મંદિરો પણ બન્યા ચોરી-કૌભાંડનો ભોગ




રાજકોટ, તા.૨૬

અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં દાનપેટી અને અર્પણ કરવામાં આવેલી સામગ્રીમાં કરોડો રૂપિયાની કથિત ચોરી અને ગેરરીતિની ઘટનાએ દેશભરના શ્રદ્ધાળુઓને હચમચાવી મૂક્યા છે. જો કે, ધાર્મિક સ્થાનો પર આસ્થા સાથે રમત થવાની કે સુરક્ષામાં ચૂક થવાની આ કોઈ પ્રથમ ઘટના નથી. છેલ્લા ૪ થી ૫ દાયકાના ઈતિહાસ પર નજર કરીએ તો ભારત સહિત વિશ્વના અનેક ખ્યાતનામ અને અબજો રૂપિયાનું દાન મેળવતા મંદિરોમાં મોટી ચોરીઓ, નાણાકીય ઉચાપત અને પ્રાચીન મૂર્તિઓની તસ્કરીના સનસનાટીભર્યા કિસ્સાઓ સામે આવ્યા છે. પ્રાપ્ત થયેલી ઘટનાઓ દર્શાવે છે કે જ્યારે પણ દાન અને સંપત્તિનું વ્યવસ્થાપન નબળું પડે છે, ત્યારે આસ્થાના કેન્દ્રો ગુનાખોરીનો ભોગ બને છે. ત્યારે અત્યાર સુધીમાં ક્યા ક્યા શહેર, રાજ્ય અને દેશ-વિદેશમાં મંદિરોમાં ચોરી થઇ છે તેની વિગતો જાણવા જેવી છે.

### ચિલકુર બાલાજી મંદિર, હૈદરાબાદ (આંધ્રપ્રદેશ/તેલંગાણા)

'વિઝા બાલાજી' તરીકે ઓળખાતા અને લાખો આઈટી પ્રોફેશનલ્સની આસ્થાના કેન્દ્ર સમાન આ પ્રાચીન મંદિરમાં મધ્યરાત્રિએ સુરક્ષા ભેદીને તસ્કરો ત્રાટક્યા હતા. ગર્ભગૃહના તાળા તોડીને સદીઓ જૂની ૫ પવિત્ર મૂર્તિઓ સહિત ભગવાનની મુખ્ય 'ઉત્સવ મૂર્તિ' ની ચોરી કરવામાં આવી હતી. આ ઘટનાએ સ્થાનિક વહીવટીતંત્ર અને તત્કાલીન પોલીસ વિભાગની ઊંઘ ઉડાવી દીધી હતી. જો કે પાછળથી નવી મૂર્તિઓ સ્થાપિત કરાઈ, પરંતુ સદીઓ જૂનો વારસો ગુમાવવાનો આઘાત મંદિર આજેય ભૂલ્યું નથી.

### તમિલનાડુના ચોલ સામ્રાજ્યના મંદિરો અને સુભાષ કપૂર કાંડ (૨૦૦૬-૨૦૧૧)

છેલ્લા ૪૦ વર્ષમાં ભારતની સાંસ્કૃતિક સંપત્તિ પર સૌથી મોટો પ્રહાર તમિલનાડુના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા પ્રાચીન ચોલ કાલીન મંદિરો પર થયો હતો. ન્યૂયોર્ક સ્થિત આંતરરાષ્ટ્રીય આર્ટ ડીલર સુભાષ કપૂરે સ્થાનિક તસ્કરો (જેમ કે સંજીવી અશોકન) સાથે મળીને એક મોટું નેટવર્ક ચલાવ્યું હતુંઃ

**એમરલ્ડ શિવલિંગ (લીલા મણિનું શિવલિંગ):**

તિરુથુરાઈપૂંડીના મરુન્દીશ્વરર મંદિરમાંથી અંદાજે રૂ. ૫૩ કરોડની કિંમતનું અમૂલ્ય લીલા રંગનું શિવલિંગ ચોરાયું હતું. પોલીસ તપાસ દરમિયાન ગેસ સિલિન્ડરની અંદર કાળો રંગ લગાવીને છુપાવેલું આ શિવલિંગ પકડાયું હતું.

નટરાજની મૂર્તિઃ સલૂન અને સુથામલ્લી ગામના મંદિરોમાંથી ૮૦૦ વર્ષ જૂની અબજો રૂપિયાની કિંમતી નટરાજ અને બુદ્ધની કાંસાની (Bronze) મૂર્તિઓ ચોરીને દરિયાઈ માર્ગે હોંગકોંગ થઈ ન્યૂયોર્ક અને ઓસ્ટ્રેલિયાની નેશનલ ગેલેરી સુધી કરોડો ડોલરમાં વેચી દેવાઈ હતી. વર્ષ ૨૦૧૧માં ઈન્ટરપોલની મદદથી આ કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

### વિદેશી સંગ્રહાલયો અને મંદિરોમાં 'ચાઈનીઝ કનેક્શન' (તાજેતરના દાયકાઓ)

માત્ર ભારત જ નહીં, વિદેશોમાં પણ ધાર્મિક અને સાંસ્કૃતિક ચોરીઓનો મોટો ટ્રેન્ડ જોવા મળ્યો છે. નોર્વેનું કોડે (KODE) મ્યુઝિયમ, સ્વીડનનો રોયલ પેલેસ અને ફ્રાન્સના ચેતુર ડી ફોન્ટેનબ્લોમાં સંગ્રહિત અને પૂજાતા પ્રાચીન બૌદ્ધ અને ચાઈનીઝ કલ્ચરના ધાર્મિક પ્રતીકોની હાઈ-ટેક ચોરીઓ થઈ હતી. પશ્ચિમી તપાસ એજન્સીઓ મુજબ, આ ચોરીઓ



પાછળ સુનિયોજિત આંતરરાષ્ટ્રીય ગેંગ સક્રિય હતી, જે માત્ર એશિયાઈ ધાર્મિક વારસાને જ નિશાન બનાવતી હતી.

### જગન્નાથ મંદિર, પુરી (રત્નભંડાર વિવાદ અને ગેરરીતિની આશંકાઓ)

ઓડિશાના પ્રખ્યાત જગન્નાથ મંદિરના 'રત્નભંડાર' (ટ્રેઝરી) ની ચાવીઓ ગાયબ થવાનો કિસ્સો અને ભંડારમાં સદીઓથી સંગ્રહિત સોના, હીરા અને ઝવેરાતની ગણતરીમાં વિલંબ થતાં ભારે વિવાદ થયો હતો. વિપક્ષો અને ભક્તો દ્વારા દાનમાં આવેલી સંપત્તિ અને ભંડારમાંથી ગુપ્ત ચોરી કે નાણાકીય ગેરરીતિ થઈ હોવાના ગંભીર આક્ષેપો સાથે કોર્ટના દરવાજા ખખડાવવામાં આવ્યા હતા, જે બાદમાં ભારે રાજકીય મુદ્દો બન્યો હતો.

ઈતિહાસ સાક્ષી છે કે ચોલ કાળ (૧૧૫૨ અને ૧૨૫૦ ઈસવીસન) માં પણ જ્યારે મંદિરોમાં સોના અને રેશમી વસ્ત્રોની ચોરી થતી, ત્યારે રાજાઓ પોતે તપાસ સમિતિ નીમીને દોષિત પૂજારીઓ કે હિસાબનીશોની મિલકતો જપ્ત કરી લેતા. આજના આધુનિક યુગમાં સીસીટીવી અને ઓડિટ હોવા છતાં અયોધ્યા જેવી ઘટનાઓ બને, તે ધાર્મિક ટ્રસ્ટોના આંતરિક વહીવટ અને પારદર્શિતા સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન ખડો કરે છે.

### પદ્મનાભસ્વામી મંદિર, કેરળ (વહીવટી અને સુરક્ષા ગેરરીતિ)

જોકે આ ચોરીનો કિસ્સો નથી, પરંતુ તે 'ગેરરીતિ'નો સૌથી મોટો કેસ ગણાય છે. ૨૦૧૧માં જ્યારે સુપ્રીમ કોર્ટના આદેશથી મંદિરના ગુપ્ત ભંડારો (Vaults) ખોલવામાં આવ્યા, ત્યારે અંદાજે ૨૨ અબજ (લગભગ રૂ. ૧ લાખ કરોડથી વધુ) નું સોનું, હીરા અને કિંમતી રત્નો મળી આવ્યા હતા. તપાસમાં બહાર આવ્યું હતું કે દાયકાઓ સુધી મંદિરની સંપત્તિની યોગ્ય ગણતરી કે સુરક્ષા ઓડિટ કરવામાં આવ્યું ન હતું, જે બાદમાં મોટું રાજકીય અને વહીવટી કૌભાંડ ગણાયું હતું.

### આંધ્રપ્રદેશના મંદિરોમાં સોનાની તસ્કરી (૨૦૧૮-૨૦૨૦)

આંધ્રપ્રદેશના દેવસ્થાનમ બોર્ડ (Tirumala Tirupati Devasthanams - TTD) હેઠળ આવતા અનેક મંદિરોમાં પણ અગાઉ ગેરરીતિના કેસ નોંધાયા છે.

આંકડોઃ ૨૦૧૮-૧૯ દરમિયાન લગભગ ૧,૩૦૦ થી વધુ પ્રાચીન મૂર્તિઓ અને દાનમાં આવેલી સોનાની વસ્તુઓનું ઓડિટ કરવામાં આવ્યું હતું, જેમાં હિસાબમાં મોટી વિસંગતતાઓ મળી હતી. ઘણી જગ્યાએ સોનાના ઘરેણાંના વજનમાં ૧૦-૧૫% નો ઘટાડો નોંધાયો હતો, જેને ટ્રસ્ટોએ 'ઘસારો' ગણાવ્યો હતો, પરંતુ તે સીધી રીતે ગેરરીતિનો મામલો હતો.

### ઈસ્કોન મંદિર (ISKCON), રશિયા અને અન્ય દેશો

ઈસ્કોન જેવા મોટા આંતરરાષ્ટ્રીય સંસ્થાના મંદિરોમાં પણ ગેરરીતિ જોવા મળી છે. ૨૦૧૦ના દાયકામાં યુરોપ અને રશિયામાં આવેલા અમુક ઈસ્કોન કેન્દ્રોમાંથી દાનપેટીઓની રકમમાં હેરાફેરીના અહેવાલો આવ્યા હતા.

રશિયામાં અમુક સ્થાનિક કર્મચારીઓ દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં આશરે ૫ લાખ (રૂ. ૪ કરોડથી વધુ) ની રકમ ડાયવર્ટ કરવામાં આવી હતી. આ ઘટના બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે તમામ મંદિરો માટે 'સેન્ટ્રલાઈઝ્ડ ડિજિટલ ઓડિટિંગ' ફરજિયાત કરવામાં આવ્યું હતું.

### સુભાષ કપૂર કેસનો ચોક્કસ આંકડો

સુભાષ કપૂરના આંતરરાષ્ટ્રીય સ્મગલિંગ નેટવર્ક વિશે વધુ ચોક્કસ માહિતીઃ તેણે ભારતમાંથી ચોરેલી આશરે ૨,૬૦૦ થી વધુ કિંમતી કલાકૃતિઓ વિદેશમાં વેચી હતી.તેની ધરપકડ બાદ તેની પાસેથી જપ્ત કરાયેલા માલની કુલ બજાર કિંમત અંદાજે



૧૦૮ મિલિયન (લગભગ રૂ. ૯૦૦ કરોડ) આંકવામાં આવી હતી. આ કેસ એ સાબિત કરે છે કે મંદિરોમાંથી ચોરી એ માત્ર સ્થાનિક ચોરી નથી, પણ એક આંતરરાષ્ટ્રીય 'બ્લેક માર્કેટ' છે.




### ''દાનપેટીની સુરક્ષા માટેના જાગૃતોના સૂચનો

બાયોમેટ્રિક લોકઃ હવે દાનપેટીઓ માત્ર ચાવીથી નહીં, પણ ટ્રસ્ટીઓના બાયોમેટ્રિકથી ખુલવી જોઈએ. RFID ટેગિંગઃ દાનમાં આવતી મૂલ્યવાન વસ્તુઓ (સોનાના દાગીના) પર તાત્કાલિક RFID ટેગિંગ અને ડિજિટલ એન્ટ્રી.થર્ડ પાર્ટી ઓડિટઃ મંદિરના ટ્રસ્ટ દ્વારા જ ઓડિટ કરવાને બદલે દર વર્ષે સરકારી ઓડિટર્સ પાસે ફરજિયાત ઓડિટ. સીસીટીવીનું કલાઉડ બેકઅપઃ ફૂટેજ મંદિરના જ DVR માં રાખવાને બદલે તેનું ઓફ-સાઈટ કલાઉડ બેકઅપ રાખવું, જેથી પુરાવા નષ્ટ ન થઈ શકે.

# આજી નદીના પટમાં મળી આવ્યો સરકારી દવાનો એક્સપાયર્ડ જથ્થો



## વૈજ્ઞાનિક ઢબથી નિકાલ કરવામાં ન આવતા ચકચાર : કોને ફેંક્યો તે તપાસનો વિષય

રાજકોટ, તા. ૨૬


સરકાર અને સ્થાનિક પ્રશાસન ખાસ લોકોના સ્વાસ્થ્ય અને લઈને હર હંમેશ ચિંતાતુર રહેતા હોય છે અને તે દિશામાં જ વિવિધ પગલાંઓ લેવામાં આવે છે. ત્યારે લાલપરી નદીના પટમાંથી નિયમોનું ઉલંઘન કર્યાનું સામે આવ્યું છે. ખૂબ મોટો એક્સપાયર થયેલ દવાનો જથ્થો મળી આવતા અનેક પ્રશ્નો ઊભા થયા છે. આ પ્રકારની બેદરકારી કોને આચરી તે હવે તપાસનો વિષય છે. હાલ આ પ્રકારની દવાનો જો નિકાલ કરવામાં આવતો હોય તો તેમાં વૈજ્ઞાનિક પદ્ધતિ ઉપયોગમાં લેવાતી હોય છે પરંતુ એમનેમ ફેંકી દેવું તે યોગ્ય નથી અહીં સીધી જ સ્વાસ્થ્ય અને અસર પહોંચે છે. રાજકોટની લાલપરી નદીના પટ્ટમાંથી નિયમોનું ઉલ્લંઘન કરીને ફેંકી દેવાયેલો એક્સપાયર્ડ સરકારી દવાનો મોટો જથ્થો મળી આવતા ચકચાર મચી ગઈ છે. નિયમ મુજબ આવી દવાઓનો વૈજ્ઞાનિક પદ્ધતિથી સુરક્ષિત નિકાલ કરવાનો હોય છે, પરંતુ અહીં જવાબદારો દ્વારા ખુલેઆમ કાયદાના ધજાગરા ઉડાવવામાં આવ્યા છે. આ ગંભીર લાપરવાહી સામે આવતા જ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને આ કૃત્ય કરનારાઓ સામે કડક કાર્યવાહીની માંગ ઉઠી છે.

અગાઉ સરકારી દવાના સ્ટોરમાં વરસાદી પાણીથી ઘણી ખરી દવાઓ પલળી ગઈ હોવાનો કિસ્સો પણ સામે આવ્યો હતો ત્યારે ફરી એક વખત આજી નદીના પટમાં સરકારી દવાઓ જે એક્સપાયર થયેલી છે તે જથ્થો મળી આવતા હંગામો થયો છે. આ અંગે શું પગલાં લેવામાં આવશે તે હવે જોવાનું રહ્યું અને ખાસ તો એ તમામ વ્યક્તિઓ ઉપર કાયદાકીય પગલાં લેવાય તેવી પણ માંગ ઉઠી છે. રાજકોટની ભૌગોલિક ઓળખ સમાન લાલપરી નદીના પટ્ટમાં અવાવરૂ સ્થળે સરકારી દવાઓનો જથ્થો બિનવારસી હાલતમાં ફેંકી દેવામાં આવ્યો છે. સામાન્ય રીતે સરકારી હોસ્પિટલો કે આરોગ્ય કેન્દ્રોમાંથી એક્સપાયર્ડ દવાઓનો નિકાલ કરવા માટે ચોક્કસ સરકારી ગાઈડલાઈન્સ અને પ્રોટોકોલ હોય છે.

પરંતુ આ કિસ્સામાં જવાબદારીમાંથી હાથ ખંખેરી લેવા માટે આવા અવાવરૂ સ્થળનો ઉપયોગ કરીને સરકારી કચરો છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે વહીવટી તંત્રની ઘોર બેદરકારી દર્શાવે છે. નદીના પટ્ટ જેવા સંવેદનશીલ વિસ્તારમાં કેમિકલયુક્ત ઝેરી દવાઓ આ રીતે ખુલ્લામાં ફેંકવાથી પર્યાવરણ અને જનઆરોગ્ય સામે મોટું સંકટ ઊભું થયું છે. પાણીના પ્રવાહ સાથે આ દવાઓ ભળવાથી ભૂગર્ભ જળ પ્રદૂષિત થવાનો સીધો ભય રહેલો છે. આ ઉપરાંત, આ વિસ્તારમાં ચરવા આવતા રખડતા પશુઓ અથવા અજાણતા કોઈ બાળકના હાથમાં આ એક્સપાયર્ડ દવાઓ આવી જાય તો મોટી જાનહાનિ કે ગંભીર હોનારત સર્જાઈ શકે છે, છતાં તંત્ર હજુ સુધી આ બાબતે બેધ્યાન રહ્યું છે. આ ઘટના સામે આવ્યા બાદ સ્થાનિક આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્રની ભૂમિકા સામે અનેક સવાલો ઊભા થયા છે. પ્રજાના ટેક્સના પૈસાથી ખરીદાયેલી સરકારી દવાઓનો આ રીતે વેડફાટ કરનારા અને પ્રદૂષણ ફેલાવનારા ગુનેગારો સામે હજુ સુધી કોઈ કડક પગલાં કેમ લેવાયા નથી તે મોટો પ્રશ્ન છે.

# ભક્તિનગર - આજીડેમ વિસ્તારની ૪૫ સોસાયટી માટે અશાંતધારાની મુદ્દત લંબાવાઈ

## આજે પૂર્ણ થતી'તી મુદત : મહેસુલ વિભાગનું જાહેરનામું




રાજકોટ, તા. ૨૬


અશાંત ધારોએ ગુજરાત સરકાર દ્વારા અમલમાં મૂકાયેલો એક ખાસ કાયદો છે. તેનો મુખ્ય ઉદ્દેશ સાંપ્રદાયિક સંવેદનશીલ વિસ્તારોમાં શાંતિ જાળવવાનો અને કોઈ દબાણ કે ધાકધમકીથી મિલકતોના વેચાણને અટકાવવાનો છે. કોમી તોફાનો કે તણાવગ્રસ્ત વિસ્તારોમાં એક ચોક્કસ સમુદાયના લોકોની વસ્તીમાં અચાનક થતો વધારો (ધ્રુવીકરણ) અટકાવવાનો છે. મિલકતના મૂળ માલિકને ડરાવી-ધમકાવીને કે લાલચ આપીને સસ્તા ભાવે મિલકત પડાવી લેવાના કિસ્સાઓ અટકાવવા માટે આ કાયદો સુરક્ષા પૂરી પાડે છે. ત્યારે ભક્તિનગર, કોઠારીયા અને આજીડેમ આસપાસની ૪૫ સોસાયટીમાં અશાંતધારાની મુદ્દત આજે પૂર્ણ થવાની હતી પરંતુ અગાઉ વહીવટી વિભાગ દ્વારા ખાસ આ અંગે દરખાસ્ત મહેસુલ વિભાગ તથા ગૃહ વિભાગમાં મોકલી દેવામાં આવી હતી જે બાદ નિર્ણય લેવામાં આવ્યો છે અને હવે આ મુદ્દત ૨૭ જૂન ૨૦૩૧ સુધી વધારવામાં આવી છે.

શહેરના ૪૫ સોસાયટી વિસ્તારોમાં અશાંતધારાની નવી મુદત વધારાની અમલવારી તા.૨૮ને રવિવારથી થશે. અહીં એ ઉલ્લેખનીય છે કે અશાંત ધારાનો કાયદો સાંપ્રદાયિક સંવેદનશીલતા ધરાવતા વિસ્તારોમાં શાંતિ જાળવવા તેમજ કોઈ એક ચોકકસ સમુદાય દ્વારા અન્ય સમુદાયોની મિલ્કતોના ગેરકાયદેસર કબ્જા કે બળજબરીથી થતા વેચાણને અટકાવવા માટે અમલી બનાવવામાં આવેલ છે. શહેરના ભકિતનગર પોલીસ સ્ટેશન હેઠળના વિવિધ ૩૦ જેટલી સોસાયટીઓ, તેમજ આજીડેમ પોલીસ સ્ટેશન હેઠળના ૧૫ જેટલા સોસાયટી વિસ્તારો મળી કુલ ૪૫ સોસાયટી વિસ્તારોને આ અશાંત ધારાના કાયદા હેઠળ આવરી લેવામાં આવેલ છે.

જેમાં આજી ડેમ પોલીસ સ્ટેશન હેઠળ આવતા વોર્ડ નં.૧૮ના કોઠારીયાના ટીપી સ્કીમ અને રેવન્યુ સર્વે નંબર ધરાવતા વિસ્તારોને આવરી લેવામાં આવેલ છે. જેમાં તીરૂપતી સોસાયટી, રણુજાધામ સોસાયટી, ગોકુલપાર્ક, કૈલાશ ઈન્ડ. વિસ્તાર, જુનું ગણેશનગર, સનાતન પાર્ક સોસાયટી, શિવધારા પાર્ક, રામનગર સોસાયટી, ગણેશનગર, રામરણુજા સોસાયટી, માધવ રેસીડેન્સી, સહિતના ૧૫ સોસાયટી વિસ્તારોને આવરી લેવાયા છે.

તેની સાથોસાથ ભકિતનગર પોલીસ સ્ટેશન હેઠળ આવતા નિલકંઠ પાર્ક, મેહુલનગર, દેવપરા, ગોકુલનગર, મેઘાણીનગર, ન્યુ કેદારનાથ, સર્વોદય સોસાયટી, સોરઠીયાવાડી, વિવેકાનંદ, સાગર સોસાયટી, ન્યુ સાગર સોસાયટી, કેદારનાથ ધામ સોસાયટી, પુનીત સોસાયટી, પટેલનગર સોસાયટી, મહેશ્વરી સોસાયટી, પરસાણા સોસાયટી, નવદુર્ગા રોડ, તક્ષશિલા સોસાયટી, યાદવનગર સોસાયટી, શિયાણી સોસાયટી, કીર્તિધામ, ભોજલરામ સોસાયટી, મારૂતીનગર, નાડોદા નગર, સીતારામ સોસાયટી, રાધાકૃષ્ણનગર, હુડકો અને દિપ્તીનગર કુલ ૩૦ સોસાયટી વિસ્તારોમાં આ અશાંતધારા લાગુ કરવામાં આવેલ છે.

શહેરના ભકિતનગર, કોઠારીયા અને આજી ડેમના ૪૫ સોસાયટી વિસ્તારોમાં અશાંત ધારાની મુદત આવતીકાલે તા.૨૭ને શનિવારના રોજ પૂર્ણ થતી હોય રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા ઉપરોકત તમામ ૪૫ સોસાયટી વિસ્તારોમાં અશાંત ધારાની સમય અવધી હવે તા.૨૭ જુન ૨૦૩૧ સુધી પાંચ વર્ષ માટે લંબાવી દેવામાં આવી છે.



# વાદળછાયા વાતાવરણ વચ્ચે વરસાદની આગાહી

## વરસાદી માહોલ વચ્ચે મહત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર નોંધાશે નહીં

રાજકોટ, તા. ૨૬

ગુજરાતમાં ચોમાસાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા નાગરિકો માટે હવામાન વિભાગ તરફથી મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યમાં આગામી સાત દિવસ દરમિયાન વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદી માહોલ જામવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના સત્તાવાર બુલેટિન અનુસાર, સમગ્ર રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. રાહતની વાત એ છે કે, વરસાદી માહોલ વચ્ચે પણ રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાશે નહીં, એટલે કે બફારા અને ગરમીનું પ્રમાણ યથાવત રહી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, હાલમાં મધ્ય પાકિસ્તાન અને ઉત્તર રાજસ્થાન પર એક મજબૂત 'સાયક્લોનિક સરક્યુલેશન' (ચક્રવાતી પવનનું ક્ષેત્ર) સક્રિય થયું છે, જેની સાથે એક ટ્રફ પણ જોડાઈ રહ્યું છે. આ સિસ્ટમ સક્રિય થવાના કારણે અરબી સમુદ્ર તરફથી ભેજવાળા પવનો ગુજરાત તરફ ગતિ કરી રહ્યા છે. હાલમાં રાજ્યમાં દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે, જે વરસાદી વાદળો બાંધવામાં મદદરૂપ સાબિત થઈ રહ્યા છે. અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોની વાત કરીએ તો, આગામી દિવસોમાં શહેરમાં વાદળછાયું વાતાવરણ જોવા મળશે. જો કે, વાદળોની અવરજવર વચ્ચે પણ મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા છે. તાપમાન ઊંચું રહેવાને કારણે અને હવામાં ભેજનું પ્રમાણ વધવાને લીધે અમદાવાદીઓને અસહ્ય બફારાનો સામનો કરવો પડી શકે છે, પરંતુ સાંજના સમયે કે રાત્રે છૂટાછવાયા વરસાદી ઝાપટાં રાહત આપી શકે છે. કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ તેમજ દીવમાં વરસાદની આગાહી કરવામાં આવી છે .

હવામાન વિભાગના અનુમાન પ્રમાણે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. હાલ દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશાના પવનો સક્રિય બન્યા છે. બીજી તરફ મધ્ય પાકિસ્તાન અને ઉત્તર રાજસ્થાન ઉપર સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ સિસ્ટમની અસર પણ ગુજરાતના વાતાવરણ પર જોવા મળી રહી છે. જેના કારણે આગામી દિવસોમાં વરસાદી પ્રવૃત્તિ વધવાની સંભાવના છે. અમદાવાદની વાત કરીએ તો શહેરમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. જો કે, ગરમીનો મિજાજ હજુ યથાવત રહી શકે છે અને તાપમાન ૪૧ ડિગ્રી આસપાસ રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

# જળસંપત્તિમંત્રી ઈશ્વરસિંહ પટેલ રાજકોટના પ્રવાસે

## 'સૌની યોજના' અંતર્ગત કરોડોના કામોનું ખાતમુહૂર્ત કરશે



રાજકોટ, તા..૨૬

ચોમાસાની શરૂઆત થઈ ચૂકી છે ત્યારે પાણી પ્રશ્ન હાલ ઘણા ખરા સવાલો ઉઠી રહ્યા છે જેને લઈને જળ સંપતિ મંત્રી ઈશ્વરસિંહ પટેલ રાજકોટની મુલાકાતે આવ્યા છે અને તેમના દ્વારા કરોડો રૂપિયાના પાણી પુરવઠા ન કામોને બહાલી આપવામાં આવશે સાથોસાથ રાજકોટમાં જળની સ્થિતિ અંગે સમીક્ષા હાથ ધરાશે અને ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા વિચારણા કરી ઉદ્ભવિત થયેલા પ્રશ્નોનું નિવારણ લાવવા માટે જરૂરી સૂચનો પણ આપશે.

જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ (સ્વતંત્ર હવાલો)ના રાજય મંત્રી ઈશ્વરસિંહ પટેલ ૨૭ જૂને રાજકોટ જિલ્લાના પ્રવાસે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ 'સૌની યોજના' અને સિંચાઈ વિભાગના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરશે તેમજ ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજશે.

મંત્રી ઈશ્વરસિંહ પટેલ સવારે ૯:૩૦ કલાકે વિંછીયા તાલુકામાં આવેલા આસલપુર તળાવ ખાતે 'સૌની યોજના' લિંક-૪, પેકેજ-૩, ૪ અને ૫-એ હેઠળ, સ્કાવર વાલથી ૩ કિમીની મર્યાદામાં આવતા તળાવ અને ડેમોને સાંકળવાની યોજનાનું વિધિવત ખાતમુહૂર્ત કરશે. ત્યારબાદ સવારે ૧૦:૩૦ કલાકે વિંછીયા માર્કેટિંગ યાર્ડ ખાતે આયોજિત જાહેર સભામાં હાજરી આપશે.

મંત્રીશ્રી બપોરે ૨:૦૦ કલાકે વિંછીયા પાણી પુરવઠા યોજનાની રૂબરૂ મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરશે. ત્યારબાદ બપોરે ૩:૦૦ કલાકે આણંદ સાગર ડેમની મુલાકાત લઈ સ્થિતિનું નિરીક્ષણ કરશે અને સાંજે ૦૪:૩૦ કલાકે કસ્તુરબા ધામ (ત્રંબા) ખાતે સિંચાઈ વિભાગ દ્વારા ચાલી રહેલા વિવિધ વિકાસકામોની મુલાકાત લેશે.

મંત્રીની ઉપસ્થિતિમાં સાંજે ૫:૩૦ કલાકે રાજકોટ બહુમાળી ભવન ખાતે સૌરાષ્ટ્ર ઝોનના સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વની સમીક્ષા બેઠક યોજાશે અને સાંજે ૦૬:૧૫ કલાકે રાજકોટ પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરી પાણી પુરવઠાની વ્યવસ્થા અંગે ચર્ચા-વિચારણા કરશે.

# ઝેરી મલાઈ - પનીરનો વેપલો કરતી પેઢી સીલ

## ફોર્ચ્યુન મિલ્ક, શ્રી રામ ડેરી, શ્યામ ડેરીને ૧૫ હજારનો દંડ : ૫૦૦ કિલો ફુગવાળી મલાઈનો જથ્થો નાશ

રાજકોટ, તા. ૨૬

છેલ્લા ઘણા સમયથી આરોગ્ય વિભાગની ટીમ શહેરના વિવિધ વિસ્તારોમાં ખાણીપીણીના ધંધાર્થીઓ પર તપાસ હાથ ધરી રહી છે અને જે પણ અખાદ્ય જથ્થો મળી આવે છે તેનો નાશ કરવામાં આવી રહ્યો છે. એટલું જ નહીં સેમ્પલ પણ લેબોરેટરીમાં તપાસ અર્થે મોકલવામાં આવી રહ્યા છે. પરંતુ ગઈકાલે રાજકોટની ત્રણ ડેરીમાંથી ૫૦૦ કિલો થી વધુ ફૂગ વાળી મલાઈ તથા એનેલોગ પનીર મળી આવ્યું હતું. છેલ્લા ઘણા સમયથી ખાદ્ય ખોરાક પર તપાસ જે રીતે ચાલી રહી છે તે જોતા એવા સ્પષ્ટ છે કે અગાઉ પણ જો આ પ્રકારની સ્થિતિનું નિર્માણ થયું હોય તો કેમ યોગ્ય પગલા લેવામાં ન આવ્યા. જો અગાઉ આ જ પ્રકારની કામગીરી કરવામાં આવી હોત તો હજુ પણ ઘણા ખરા પ્રશ્નો જે ઊભા થઈ રહ્યા છે તે ન થાત.

મહાપાલિકાની આરોગ્ય અને ફૂડ શાખા દ્વારા ચાલતી આરોગ્યલક્ષી કામગીરી વચ્ચે ગઇકાલે પનીર ઉત્પાદન અને વેંચાણ કરતી ત્રણ પેઢીને બીનઆરોગ્યપ્રદ હાલત બદલ સીલ કરી દેવામાં આવી છે તો એક ડેરીમાંથી તો ૫૦૦ કિલો ફુગવાળી મલાઇ મળતા તેનો નાશ કરવામાં આવ્યો છે. આ સ્થળોએથી અનેક રેંકડી



અને દુકાનોમાં છુટક પનીર મલાઇની સપ્લાય થતી હોવાનું પણ બહાર આવ્યું છે.

ફૂડ વિભાગે આપેલી માહિતી મુજબ લાતી પ્લોટ શેરી નં.૪માં આવેલ ફોર્ચ્યુન મિલ્ક એન્ડ ફૂડ પ્રોડકટમાં દરોડો પાડવામાં આવ્યો હતો અને અસ્વચ્છ હાલત બદલ રૂા. પાંચ હજારનો દંડ કરીને પેઢીને સીલ મારવામાં આવ્યા છે. ૧૫૦ ફુટ રોડ પર સોમનાથ-૩માં આવેલ શ્રી રામ ડેરીમાંથી ૫૦૦ કિલો ફુગવાળી મલાઇ મળી આવી હતી. જે ખાવાથી લોકોના આરોગ્ય સાથે સીધા ચેડા થતા હોય તેનો નાશ કરવામાં આવ્યો હતો. અહીંથી પણ મલાઇ અને પનીરના સેમ્પલ લઇ રૂા.પાંચ હજારનો દંડ કરીને સીલ મારવામાં આવ્યા હતા.

કોઠારીયા મેઇન રોડ પર વિવેકાનંદનગર-૯માં આવેલ શ્યામ ડેરી પ્રોડકટમાં પણ બીનઆરોગ્યપ્રદ હાલત બદલ દુકાનને સીલ મારી રૂા. પાંચ હજારનો દંડ કરાયો હતો. અહીંથી પનીર એનેલોગનું સેમ્પલ લેવામાં આવ્યું છે. આમ કુલ ચાર સેમ્પલ લઇ ૧.૭૫ લાખની કિંમતની ફુગવાળી મલાઇ સોલીડ વેસ્ટના વાહનમાં ફેંકી દેવામાં આવી હતી. ત્રણે પેઢીમાંથી કુલ ૧૫૦૦૦નો વહીવટી ચાર્જ લેવાયો હતો. શહેરના રેલવે જંકશન સામેની લાઇનમાં આવેલ અલગ અલગ ૧૬ ખાણીપીણીના સ્થળની તપાસ કરવામાં આવી હતી. તેમાં પાંચ પેઢીમાંથી કુલ ૪૭ કિલો અખાદ્ય માલનો નાશ કરવામાં આવ્યો હતો. એક પેઢીને નોટીસ આપી રૂા. ૧૧૭૦૦ની પેનલ્ટી કરવામાં આવી હતી.

સાધુ વાસવાણી રોડની ૧૦ પેઢીમાં તપાસ કરી કુલ ૭૪ કિલો માલનો નાશ કરવામાં આવ્યો હતો. તો પાંચ પેઢીને નોટીસ આપવામાં આવી છે. ત્યાંથી રૂા. ૧૧ હજારની પેનલ્ટી વસુલ કરવામાં આવી છે. પૂર્વ ઝોનમાં જામનગર રોડ, શેઠનગરના ગેઈટ પાસે પણ ચકાસણી કરવામાં આવી હતી.

**રાજકોટ મિરર** તંત્રીની કલમે

# જવાબદારી ફિક્સ કરો..

## અધિકારીઓને ઉઘાડા પાડવાથી કંઈ નહિ વળે, દોડતા કરવા જરૂરી



રાજકોટ મહાનગરપાલિકાના ઈતિહાસમાં ઘણા વર્ષો પછી લોકહિતનો ખરો રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. આ બદલાવ શહેરના વિકાસ માટે અત્યંત આશાસ્પદ અને આવકારદાયક છે. વર્તમાન મેયર નેહલ શુકલની કાર્યપદ્ધતિ જોતા સ્પષ્ટ જણાય છે કે તેઓ તંત્રમાં ચાલતી જૂની પુરાણી લોલમલોલ ચલાવવાના મૂડમાં બિલકુલ નથી.

મહાપાલિકાની તાજેતરની જનરલ બોર્ડની બેઠકમાં આ બાબતની જીવંત પ્રતીતિ આખા શહરે કરી છે. મેયરે જનરલ બોર્ડમાં પ્રજાના પ્રશ્નો મુદ્દે શિથિલતા દાખવતા બેજવાબદાર અધિકારીઓ સામે સવાલોની એવી ઝડી વરસાવી હતી કે તમામની બોલતી બંધ થઈ ગઈ હતી. લાંબા સમય પછી શાસકો વહીવટી તંત્ર પર હાવી થતા જોવા મળ્યા છે.

મહાપાલિકાના વહીવટી તંત્રની આડોડાઈ અને મનમાનીના કારણે હંમેશાં શહેરના સામાન્ય નાગરિકોએ જ પરેશાન થવું પડે છે. રસ્તા, પાણી અને ડ્રેનેજ જેવી પ્રાથમિક સુવિધાઓ માટે પણ લોકોને કચેરીઓના ચક્કર કાપવા પડે છે. તંત્રની આ આળસના કારણે અંતે તો ચૂંટાયેલું શાસન જ પ્રજાની નજરમાં બદનામ થાય છે. જનતા પોતાના પ્રતિનિધિઓ પાસે અપેક્ષા રાખે છે, અધિકારીઓ પાસે નહીં. તેથી જ જનરલ બોર્ડમાં મેયરે અધિકારીઓને સવાલોથી મૂંઝવી દીધા, તે બાબતને શહેરના નાગરિકોમાં વ્યાપક અને હાર્દિક આવકાર મળી રહ્યો છે. લોકોમાં એક નવો આશાવાદ જાગ્યો છે.

જો કે માત્ર જાહેરમાં ખખડાવી નાખવાથી, ગુસ્સો કરવાથી કે અધિકારીઓને ઉઘાડા પાડવાથી જ પ્રશ્નોનો કાયમી ઉકેલ આવી જતો નથી. તંત્રને સાચે જ સુધારવું હોય તો માત્ર શબ્દોથી કંઈ નહીં વળે.

વહીવટી તંત્રને ચોક્કસ ટાર્ગેટ વર્ક આપવું અનિવાર્ય છે. દરેક પ્રોજેક્ટ અને ફાઈલ માટે જે તે સંબંધિત અધિકારીની વ્યક્તિગત જવાબદારી ફિક્સ કરવી ખૂબ જ જરૂરી છે. જ્યાં સુધી કડક વહીવટી પગલાંની દહેશત નહીં હોય, ત્યાં સુધી ફાઈલો ટેબલ પર જ પડી રહેશે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના આ આખા તંત્રને તેની મૂળભૂત જવાબદારીના ભાન સાથે પૂરી ક્ષમતાથી દોડતું કરવામાં આવે તો જ નાગરિક સુવિધાનો ધ્યેય સાચા અર્થમાં સિદ્ધ થશે. રાજકોટની જનતાને વર્તમાન સક્ષમ નેતાગીરી પાસે માત્ર સવાલો પૂછવાની નહીં, પણ કડક અને નિર્ણાયક કાર્યો કરીને પરિણામ આપવાની પૂર્ણ અપેક્ષા છે. વહીવટી સુધારાની આ આક્રમક શરૂઆત હવે નિર્ણાયક અંજામ સુધી પહોંચવી જોઈએ, તો જ લોકોનો લોકશાહી શાસન પરનો ભરોસો વધુ મજબૂત બનશે.

# રામ મંદિર વિવાદમાં મહાસચિવ ચંપત રાયનું રાજીનામું

## અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિર સંબંધિત દાનમાં કથિત અનિયમિતતાઓ વચ્ચે શુક્રવારે મોટો ઘટનાક્રમ પ્રકાશમાં આવ્યો

નવીદિલ્હી, તા.૨૬

રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે રાજીનામું આપી દીધું છે. અયોધ્યામાં રામ મંદિરમાં પ્રસાદની ચોરીનો આરોપ સામે આવ્યા બાદ તેમના પર રાજીનામું આપવાનું દબાણ હતું. તેઓ વિપક્ષના નિશાના પર હતા. ચંપત ઉપરાંત ટ્રસ્ટના સભ્ય અનિલ મિશ્રાએ પણ રાજીનામું આપ્યું હતું. શુક્રવારે આ મહત્વપૂર્ણ ઘટનાક્રમ અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિર સાથે સંબંધિત કથિત પ્રસાદની ગેરરીતિઓ વચ્ચે આવ્યો છે. આ રાજીનામા એવા સમયે આવ્યા છે જ્યારે ઉત્તર પ્રદેશ સરકાર દ્વારા રચાયેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (જીંઝ) ના પ્રારંભિક અહેવાલના આધારે પ્રથમ ર્હ્લૈંઇ દાખલ કરવામાં આવી છે અને સમગ્ર મામલાની તપાસ સતત આગળ વધી રહી છે.

શુક્રવારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ આ મામલે નિવેદન આપ્યું હતું. તેમણે દેવરિયામાં એક કાર્યક્રમમાં કહ્યું હતું કે તેઓ જાહેર શ્રદ્ધા સાથે છેડછાડ કરનારાઓ સામે શૂન્ય-સહિષ્ણુતાની નીતિ હેઠળ કાર્યવાહી કરશે. તેમણે કહ્યું, નસ્ત્રઅયોધ્યા આપણી શ્રદ્ધાનું પ્રતીક છે. અયોધ્યા પર કોઈ અપમાન ન કરો. શ્રી રામની ગરિમાનું સન્માન કરતા શીખો. મેં કહ્યું હતું કે જીંઝ રિપોર્ટ પર કાર્યવાહી કરવામાં આવશે. જીંઝ રિપોર્ટ આવી ગયો છે, અને કાર્યવાહી શરૂ થઈ ગઈ છે.સ્ત્રસ્ત્ર

ગુરુવારે પ્રસાદ ચોરી કેસમાં ર્હ્લૈંઇ દાખલ કરવામાં આવી હતી. ચંપત રાયના ડ્રાઈવર તિનુ યાદવ સહિત આઠ આરોપીઓની આજે ધરપકડ કરવામાં આવી હતી. અયોધ્યા પોલીસ આઠ નામાંકિત આરોપીઓના નિવેદનો નોંધી રહી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે હાલમાં ફક્ત વાદીની ફરિયાદના આધારે તપાસ ચાલી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, જો ચંપત રાય





અને અનિલ મિશ્રાના નામ બહાર આવશે, તો તેમને પૂછપરછ માટે બોલાવવામાં આવી શકે છે.

અયોધ્યા પોલીસને હજુ સુધી જીંઝ રિપોર્ટ મળ્યો નથી, જે તપાસમાં વધારો કરી શકે છે. આરોપીઓના નિવેદનો એક પછી એક નોંધવામાં આવી રહ્યા છે અને એકબીજા સામે ચકાસણી કરવામાં આવી રહી છે. પોલીસ પૈસાના ટ્રેલ સ્થાપિત કરવા માટે તમામ આરોપીઓના બેંક ખાતાઓની પણ તપાસ કરશે. વધુ તથ્યો બહાર આવતાં તપાસનો વ્યાપ વધશે.

ટ્રસ્ટના સભ્ય કૃષ્ણ મોહનની ફરિયાદના આધારે, રામશંકર યાદવ ઉર્ફે તિનુ યાદવ, અનુકલ્પ મિશ્રા, અવિનાશ શુક્લા, કરુણેશ પાંડે, લવકુશ મિશ્રા, રામશંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ, મનીષ કુમાર યાદવ અને અનેક અજાણ્યા વ્યક્તિઓ સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (જીંઝ) એ ૨૩ જૂને સરકારને પોતાનો પ્રારંભિક અહેવાલ સુપરત કર્યો હતો, જેમાં કડક કાર્યવાહીની ભલામણ કરવામાં આવી હતી, જેના આધારે આ કાર્યવાહી કરવામાં આવી હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય દંડ સંહિતા (ઈંડ્ઢ) ની વિવિધ કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે, જેમાં ચોરી, ગુનાહિત વિશ્વાસ ભંગ અને ગુનાહિત કાવતરું શામેલ છે.

અયોધ્યામાં રામ મંદિરમાં દાન અને પ્રસાદની કથિત ચોરી બાદ, ટ્રસ્ટે ખાસ તપાસની વિનંતી કરી હતી. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશને પગલે, આ મામલાની તપાસ માટે ૧૩ જૂને જીંઝ ની રચના કરવામાં આવી હતી. જીંઝ માં લખનૌના ડિવિઝનલ કમિશનર વિજય વિશ્વાસ પંત, પોલીસ મહાનિરીક્ષક કિરણ એસ. અને નાણાં વિભાગના વિશેષ સચિવ નીલ રતનનો સમાવેશ થાય છે.સમાજવાદી પાર્ટી (જીઁ) ના પ્રમુખ અખિલેશ યાદવે ૭ જૂનના રોજ એક સમાચાર અહેવાલને ટાંકીને આ મુદ્દો ઉઠાવ્યો હતો અને ન્યાયિક હસ્તક્ષેપની માંગ કરી હતી. ત્યારબાદ આ મામલો રાજકીય પરિમાણમાં આવી ગયો.

# કેનેડામાં ૧૬ ભારતીયોની ધરપકડ

## ૫૬ ગુનાહિત આરોપો બાદ પોલીસ કાર્યવાહી

નવીદિલ્હી, તા. ૨૬

સંગઠિત ગુનાઓ સામે મોટી કાર્યવાહીમાં, કેનેડાના આલ્બર્ટાના કેલગરી પોલીસે દક્ષિણ એશિયન સમુદાયને નિશાન બનાવતા એક ગુનાહિત નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીમાં સોળ ભારતીય નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી, જેમના પર કુલ ૫૬ ગુનાહિત આરોપો છે. જોકે, કેલગરી પોલીસે હજુ સુધી સ્પષ્ટતા કરી નથી કે ધરપકડ કરાયેલા શંકાસ્પદો લોરેન્સ બિશ્નોઈ, ગોલ્ડી બ્રાર કે રોહિત ગોદારા નેટવર્ક જેવા કોઈ આંતરરાષ્ટ્રીય ગેંગ સાથે જોડાયેલા છે કે નહીં. નોંધનીય છે કે તાજેતરના વર્ષોમાં કેનેડામાં આ ગેંગ અસંખ્ય ગુનાહિત કેસોમાં સંડોવાયેલી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ નેટવર્ક ખંડણી, ગોળીબાર, હિંસક ઘટનાઓ, શસ્ત્રોનો ઉપયોગ અને અન્ય ગંભીર ગુનાઓમાં સામેલ હતા. આ કાર્યવાહી અનેક અલગ અલગ કેસોમાં તપાસને જોડીને કરવામાં આવી હતી.

તપાસ એજન્સીઓ કહે છે કે આરોપીઓએ ભય અને હિંસાનું વાતાવરણ બનાવીને લોકો પાસેથી પૈસા પડાવવાનો પ્રયાસ કર્યો હતો. ઘણા કિસ્સાઓમાં, પીડિતોને હથિયારોની ધમકી આપવામાં આવી હતી. તપાસમાં અપહરણનું કાવતરું, પુરાવાનો નાશ અને ગેરકાયદેસર હથિયારોના ઉપયોગના કિસ્સાઓ પણ બહાર આવ્યા છે. પોલીસે કેટલાક આરોપીઓના ફોટોગ્રાફ્સ જાહેર કર્યા છે અને તેમની ઓળખ અથવા પ્રવૃત્તિઓ અંગે માહિતી માટે લોકોને



અપીલ કરી છે. અધિકારીઓ કહે છે કે ઘણા આરોપીઓ અલગ અલગ નામો અને ઉપનામોનો ઉપયોગ કરે છે, જેના કારણે ઓળખ મુશ્કેલ બને છે.

ટ્રાફિક ચેકિંગ દરમિયાન ૨૦ વર્ષીય રવજોત તૂરની ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી પ્રતિબંધિત હથિયાર, દારૂગોળો અને કોકેઈન જપ્ત કરવામાં આવ્યા હતા. તેના પર અનેક ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યો છે, જેમાં ગેરકાયદેસર રીતે હથિયાર રાખવું, લાઈસન્સ વિનાનું હથિયાર રાખવું, વાહનમાં હથિયાર રાખવું, ગુનાના સંબંધમાં હથિયાર રાખવું, હથિયાર છુપાવવું અને માદક દ્રવ્યોનો ઉપયોગ કરવો શામેલ છે. પોલીસ માને છે કે તેની પાસેથી મળી આવેલી વસ્તુઓ અગાઉના ગોળીબાર સાથે જોડાયેલી હોઈ શકે છે. માર્ચ ૨૦૨૬ માં કેલગરીમાં થયેલા ગોળીબારની તપાસમાં જર્મનજીત સિંહ ઉર્ફે જર્મન સિંહ (૨૨), જસકરણ સિંહ ઉર્ફે જસ્સી બુટ્ટર (૨૧) અને કરણબીર સિંહ ઉર્ફે કરણ સિંહ (૨૧) ના નામ ખુલ્યા છે. આમાંથી, જર્મનજીત સિંહને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. ત્રણેય પર લોકોના જીવ જોખમમાં મુકવા માટે ગોળીબાર કરવાનો આરોપ છે.

તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે ગોળીબારમાં વપરાયેલા વાહનને આગ લગાવીને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ કેસમાં અમનદીપ સિંહ ઉર્ફે શિવા સિંહ (૨૧), અનુરાગ સિદ્ધુ (૨૧) અને ઈશાનદીપ સિંહ (૧૯) પર આગ લગાડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ગુરકરણ ધાલીવાલ (૨૧) ની એક અલગ ગોળીબારની ઘટનામાં ધરપકડ કરવામાં આવી છે. તેના પર હથિયારના બેદરકારીપૂર્વક ઉપયોગ અને ગેરકાયદેસર રીતે હથિયાર રાખવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. કેલગરી પોલીસ સર્વિસ કહે છે કે તપાસ ચાલુ છે અને આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય વ્યક્તિઓની ઓળખ કરવામાં આવી રહી છે. પોલીસ હવે એ નક્કી કરવાનો પ્રયાસ કરી રહી છે કે આ નેટવર્ક હથિયારો અને ભંડોળ ક્યાંથી મેળવતું હતું અને તેનો કોઈ મોટી સંગઠિત ગુનાહિત ગેંગ સાથે કોઈ સંબંધ છે કે કેમ.

પોલીસે જાહેર જનતાને અપીલ કરી છે કે જો તેમની પાસે આરોપીઓ અથવા તેમની સાથે સંકળાયેલા કોઈપણ વ્યક્તિ વિશે કોઈ માહિતી હોય તો તાત્કાલિક પોલીસ અથવા ક્રાઈમ સ્ટોપર્સને જાણ કરે. અધિકારીઓ કહે છે કે સંગઠિત ગુના અને હિંસક પ્રવૃત્તિઓ સામે ઝુંબેશ ચાલુ રહેશે.

# મહારાષ્ટ્રમાં કોઈ ઓપરેશન ચાલું નથી

## ઠાકરેના ધારાસભ્યોના બળવાખોર વલણ વચ્ચે ઉદય સાવંતની પ્રતિક્રિયા

નવીદિલ્હી, તા. ૨૬

મહારાષ્ટ્રમાં શિવસેના (ઉદ્ધવ ઠાકરે) માટે ખરાબ સમય સમાપ્ત થવાના કોઈ સંકેત દેખાતા નથી. ગઈકાલે છ પાર્ટી સાંસદોએ પક્ષ બદલીને એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનામાં જોડાયા. મહારાષ્ટ્રના રાજકારણમાં ઓપરેશન ટાઈગરની ચર્ચાઓ લાંબા સમયથી ચાલી રહી છે. હવે, એવા અહેવાલો છે કે ઉદ્ધવ ઠાકરેના ધારાસભ્યો પણ બળવો કરીને પાર્ટી છોડીને શિંદેમાં જોડાવાના છે. નાગપુરમાં ઠાકરેના ધારાસભ્યો શિંદેમાં જોડાયાના પ્રશ્નના જવાબમાં, રાજ્યમાં મહાયુતિ સરકારના મંત્રી ઉદય સામંતે કહ્યું, નસ્ત્રહું ફક્ત એટલું જ કહી રહ્યો છું કે મહા વિકાસ આઘાડીના વધુ કાર્યકરો, નેતાઓ અને ધારાસભ્યો અમારી



સાથે જોડાવાના છે. પરંતુ અમારી પાસે કોઈ ચાલુ કામગીરી નથી.

અમે તેમનું સ્વાગત કરીશું કારણ કે તેમને ખ્યાલ આવી ગયો છે કે નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેનું નેતૃત્વ ભવિષ્યમાં તેમને સશક્ત બનાવી શકે છે. હવે તેમને ખ્યાલ આવી ગયો હશે કે તેમને તેમની સાથે જવું પડશે, અને જો તેઓ આવશે, તો અમે તેમનું સ્વાગત કરીશું.સ્ત્રસ્ત્ર હાલમાં, એવું કહેવામાં આવી રહ્યું છે કે ઠાકરે જૂથના ૨૦ માંથી ૧૪ ધારાસભ્યોએ પક્ષ બદલી નાખ્યો છે. શિંદે જૂથમાં જોડાવા માટે વિજય વાડેટ્ટીવારનું નામ પણ ચર્ચાઈ રહ્યું છે. સાવંતે કહ્યું, નસ્ત્રમને ખબર નથી કે તેઓ જોડાશે કે નહીં. પરંતુ વિજય વાડેટ્ટીવાર વિદર્ભના એક મજબૂત નેતા છે. જો તેઓ એકનાથ શિંદેમાં જોડાય છે અને તેમનું નેતૃત્વ સ્વીકારે છે, તો તેમનું સ્વાગત છે.સ્ત્રસ્ત્ર દરમિયાન, પત્રકારો સાથેના ઘર્ષણ પછી શિવસેના સાંસદ સંજય પાટીલની જાહેર માફી અંગે સાવંતે કહ્યું, નસ્ત્રતેઓ ખૂબ જ દયાળુ વ્યક્તિ છે. બાળપણથી જ તેમનું એક અનોખું વ્યક્તિત્વ રહ્યું છે. તેઓ ખૂબ જ ઉદાર અને અદ્ભુત મિત્ર છે. હવે જ્યારે તેમણે આ મુદ્દે પોતાનું નિવેદન આપ્યું છે, તો હું તમને વિનંતી કરું છું કે આ મામલાને શાંત પાડો.સ્ત્રસ્ત્ર

શિવસેના (ઉદ્ધવ ઠાકરે) સાંસદ સંજય રાઉતે ટ્વીટ કર્યું કે પાર્ટીએ રામ મંદિર માટે કરોડો રૂપિયાનું દાન આપ્યું હતું, પરંતુ હવે રામ મંદિર પર જીંઝ કામ કરી રહી છે. ભવિષ્યમાં જે પણ સ્પષ્ટ થશે, દોષિતો સામે કાર્યવાહી કરવામાં આવશે. ઉદ્ધવ ઠાકરે હવે બળવાખોર સાંસદોના વિસ્તારોનો પ્રવાસ કરી રહ્યા છે. મંત્રી ઉદય સામંતે કહ્યું, નસ્ત્રહું ઉદ્ધવને શુભકામનાઓ પાઠવું છું.સ્ત્રસ્ત્ર નસ્ત્રઅમે તેમનું સ્વાગત કરીશું કારણ કે તેમને સમજાયું છે કે નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેનું નેતૃત્વ તેમને આગળ વધવા માટે સશક્ત બનાવી શકે છે. તેમણે હવે સમજવું જોઈએ કે તેમને જવું પડશે, અને જો તેઓ આવવાના છે, તો અમે તેમનું સ્વાગત કરીશું,સ્ત્રસ્ત્ર સામંતે કહ્યું.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને 'અપરં લાભં'! એ કહીને કયા લાભની વાત કરે છે?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. એકબાજુથી અમુક લોકો આપણાં વડાપ્રધાનની ઠેકડી ઉડાવે છે, તો કેટલાંક એની પર યુદ્ધનાં સમયે આમ બેફિકર બની વિદેશ પ્રવાસનું આયોજન કરીને કેટલુંય ઈંધણ પોતે જ વાપરે છે, અને પ્રજા પર પ્રતિબંધ મુકે છે! જ્યારે કેટલાક જનતાનાં લાભ માટે જ ગયાં છે, અને આ ચાર દેશ સાથે એમણે કંઈ કંઈ ડીલ કરી, એનાથી આમ જનતાને વાકેફ કરે છે! પણ શું ખરેખર પ્રજાને લાભ થશે? કારણકે આ રાજકારણની અટપટી ને ચટપટી રમતમાં આપણને ટપ્પો પડે નહીં! અને લાભ નો લાડું મોટેભાગે સૌને એકલાને જ ખાવો હોય છે! પેલા ઉદાહરણ જેમ સાક્ષાત ઈશ્વર પ્રસન્ન થઈ વરદાન માંગવા કહે, અને સાથેસાથે એ પણ કહે કે, વરદાનમાં તને જે મળશે, એનાથી બમણું તારા પાડોશીને મળશે! તો ધન ઐશ્વર્ય તો કોઈ માંગે જ નહીં! એટલું તો પાક્કું! અને એટલે જ સમાજ હિંસક બનતો જાય છે! શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના નિત્ય રહે! આજે એ પ્રાર્થના લોકો ભૂલતા જાય છે! પ્રાર્થના કદાચ ગવાતી હોય! પણ શુભની ભાવના મેસેજ ફોરવર્ડ માટે અનામત રાખી છે! હમણાં તો મારે વોટ્સએપ જોવાનો સમય જ નથી મળતો! નહીં તો ગુડ મોર્નિંગનાં મેસેજમાં કેવાં કેવાં સુવિચાર ફોરવર્ડ થાય છે! અને આપણને વિચાર આવે કે, લોકોની વૈચારિકતાનો આ બદલાવ યુગ પરિવર્તન લાવીને જ રહેશે! પણ લાભ નું આ સ્ટીકર આપણી આંખ પર એવું ચીપકી ગયું છે કે, સૌથી મહત્વનો લાભ થયો, એટલે તો મનુષ્ય અવતાર મળ્યો! અને મનુષ્યને આ જીવનયાત્રામાં પરમાત્માનાં સાક્ષાત્કારની તક પણ મળી છે, એ દેખાતું નથી! અને પરમ તત્વને જોવા જાણવાની ઈચ્છા નથી! કારણકે પોતાનાથી થશે કે કેમ ? એ વિશે ભ્રમ છે, બીજું કેટલોયં સમય લાગી જાય અને, એથીય વધુ એમાં સુખ છે કે નહીં? એ વિશે પણ શંકા છે! તો આવાં જ ભાવનો સંદર્ભ આજનાં ચિંતનનો છે! ભગવત ગીતાનાં છઠ્ઠા અધ્યાયનાં ૨૨ માં શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે હે અર્જુન!

**યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ મ
યસ્મિન્સ્થિતો ન દુઃખેન ગુરુણાપિ વિચાલયતે ય

જે પરમ સુખ અથવા આત્મિક શાંતિ પ્રાપ્ત થયા પછી માણસને લાગે કે હવે આથી મોટો કોઈ લાભ નથી, અને જેમાં સ્થિર થયા પછી જીવનનાં ભારે દુઃખો પણ તેને હલાવી શકતા નથી.

**હવે આ શ્લોકની વાત કરીએ તો નસ્ત્રઅપરં લાભંનસ્ત્ર કહીને ભગવાન સ્વયં આપણને બહુ મોટાં લાભની વાત કહીને, ઈશ્વર સાક્ષાત્કાર માટે નિમંત્રણ આપે છે, કે મારાં વ્હાલા જરાક આ પણ ટ્રાય કરી જો! અને જો ભાવી જાય! તો પછી બીજો રસ સ્વાદ કંઈ યાદ જ નહીં રહે! અને એ રીતે જોઈએ તો આપણી જ આપણાં દુઃખોને દૂર કરવાની કોઈ તાલાવેલી નથી! આમ સાર્વજનિક ઘોષણા કરી છતાં મૃત્યુ સુધી બાકીનું બધું ભાવ્યું! અરે વધું ને વધું ભોગવી શકાય એટલે દવાને નામે કેટકેટલું કડવું ગળ્યું! દેહ તો દેવળ છે, એનું જતન બિલકુલ જરૂરી છે. સ્થૂળ રુપે કેરીનો રસ પીધાં પછી તૃપ્તિ થાય છે, આંબે મ્હોર આવે અને કેરી બને ત્યાંથી એ પાકે ત્યાં સુધી જેણે કેરીનું જતન કરી એમાં આ રસ ને ભર્યો! એ હરિ નામનું ફળ કેટલું તૃપ્તિ દાયક હશે? એવો વિચાર આપણને આવ્યો જ નહીં!

**નાધિકં તતઃ, તેનાથી વધુ કંઈ નથી! પરંતુ આ તો જેણે જાણ્યું એની વાત છે! પરંતુ માનવી યોગી થઈ આટલી ઉંચી કક્ષાએ પહોંચે ત્યારે તેને સમજાય કે આ સૌથી શ્રેષ્ઠ છે! પરંતુ આવો સિદ્ધ યોગ આપણાથી થઈ શકે એમ નથી, તો આપણી માટે શું શ્રેષ્ઠ છે? આપણી વૃત્તિઓનું ચિંતન કરી જે જે આપણને ગમતું હોય! એટલે કે કંઈ વાનગી ભાવે છે? કેવો પહેરવેશ ગમે છે? ક્યાં જવું ગમે છે? મનોરંજન ને નામે શું શું ગમે છે? એનો ખર્ચની નિયત રકમમાંથી અન્ય એક જરુરીયાતમંદનો ભાગ પાડવો, એટલે કે આપણાં સિવાય કોઈ એક પોતાની પસંદ મુજબ જીવી શકે! અને એવું જ્યારે થશે ત્યારે જે આનંદ મળશે ત્યારે જ સમજાશે કે આનાથી વધુ કંઈ જ નથી!

**ગુરુણાપિ વિચાલયતે, એટલે કે જે ભારે માં ભારે દુઃખોથી વિચલિત થતાં નથી. હવે અહીં ભગવાન દુઃખની વાત કરે છે પણ કયું દુઃખ? હકીકતમાં આપણે અભાવો કે અસુવિધા ને દુઃખ નામ આપી દીધું છે. હાં શારિરીક રોગ દુઃખનું કારણ ચોક્કસ બની શકે! પરંતુ આ માનસિક રોગ નું દુઃખ આપણને વધુ છે! કોઈવાર માથું દુખતું હોય અને એમ થાય કે અતિશય દુઃખ છે, પણ એટલીવારમાં આસપાસથી કોઈ આવે અને ફલાણાં ફલાણાં ની નીંદા શરૂ કરે, તો શારિરીક દુઃખ મોટેભાગે ભૂલાઈ જાય છે, અને એ દુઃખને સ્થાને નિંદા, ઈર્ષા, દ્વેષ, જેવાં મનો વિકાર આપણાં માનસમાં સ્થાન જમાવી લે છે, અને એ આપણને આપણા મુખ્ય લક્ષ્યથી વિમુખ કરે છે! અથવા તો સામેવાળામાં ઈશ્વર દર્શન કરવાં દેતી નથી! ભગવાન શ્રીકૃષ્ણ તો અહીં યોગ નામનાં સાધન દ્વારા સાધકે પ્રાપ્ત કરેલી સર્વોચ્ચ સ્થિતિની કક્ષાના યોગીની અનૂભૂતિ શું હોય એ કહ્યું છે! પરંતુ આપણે સંસારીઓ યોગ નહીં ભોગ સાથે એટલી તાદમ્ય રીતે જોડાયેલા છીએ કે ભોગ જ સર્વોપરી સુખ છે એ ભ્રમમાં બ્રહ્મ ભૂલાઈ ગયો! પણ એમાં આપણો કોઈ દોષ પણ નથી! કારણકે આપણી આસપાસ આસાનીથી મળી શકે એવાં સુખ નામક ભ્રાંતિનો મેળાવડો લાગ્યો છે! અને જેમ રેસ્ટોરન્ટમાં જઈએ અને ત્યાંની એક પછી એક ડિશ ટ્રાય કરતાં હોઈએ છીએ! કોઈ આપણી પહેલા ગયું હોય અને કહે કે ત્યાંની આ ડિશ તો બહું જ ટેસ્ટી છે, તો એ રીતે પણ.. ૨૫ વર્ષ સુધી જે થયું એ બધું ક્ષમ્ય છે! ૨૫ થી ૫૦ વર્ષમાં પણ પરિવાર પોષણ અને વ્યવહાર માટે ક્ષમ્ય ગણી લઈએ! પણ પછી શું થાય કે હવે જ તો જવાબદારી માંથી ફ્રી થયાં! અને આમ એક બે દસકા નીકળી જાય! અને એટલે જ જીવ થઈને આવ્યાં અને જીવની કક્ષાએ જ વિદાય થઈએ છીએ! આપણે સૌ અપરં લાભં એટલે કે પરમાત્માનો સાક્ષાત્કાર નહીં પણ છેવટે પ્રતિતિ સુધી પહોંચી મનુષ્ય જન્મ સફળ કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### વધુ એક પરિવારે ફુલડા જેવી દિકરી ગુમાવી દેતાં શોકની કાલીમાઃ રોહીદાસપરામાં કરૂણ બનાવ

# રમવા ગયેલી ૪ વર્ષની જીયાંશી કાર હેઠળ કચડાઈ

## બાળકો રમતાં હોઈ ચાલક કાર દૂર લેતો હતો ત્યારે ઘટનાઃ પરિવારે આક્ષેપ કર્યો કે કારનો ચાલક સગીર હતોઃ બી-ડિવીઝન પોલીસ દ્વારા તપાસઃ બીજી ઘટનામાં હોસ્પિટલમાં દાખલ યુવાનની તબીયત બગડતાં મોત

રાજકોટ,તા.૨૬

માનવીને પરલોકનું તેડુ ક્યારે અને કેવી રીતે આવી જાય તે નક્કી હોતું નથી. ઘણીવાર તો માસુમ ફુલડાઓ કે જેણે હજુ તો જિંદગીની શરૂઆત કરી હોય છે તેના પણ અપમૃત્યુ થઇ જાય છે, આવા લાડકવાયા દિકરા-દિકરીના મૃત્યુ જે તે માતા-પિતા પરિવારોને કારમો આઘાત આપી જાય છે. આવી જ એક કરૂણ ઘટના બની છે જેમાં કુવાડવા રોડ પર રણછોડદાસ બાપુના આશ્રમ પાસે રોહીદાસપરામાં ઘર બહાર રમવા નીકળેલી ચાર વર્ષની બાળકીનું કારની ઠોકરે ચડી જતાં કમકમાટી ભર્યુ મોત થયું હતું.

વિગતો પર નજર કરીએ તો રોહીદાસપરામાં રહેતાં પરિવારની ચાર વર્ષની દિકરી ઘર પાસે બહેનપણી અને બીજા છોકરાઓ સાથે દડેથી રમવા ગઇ ત્યારે પટમાં રાખેલી કારને ચાલક દૂર લેતો હતો તે વખતે આ બાળકી કારની ઠોકરે આવી જતાં ગંભીર ઇજા થતાં મોત થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. વિશેષ માહિતી અનુસાર રોહીદાસપરા શેરી નં. ૬માં રહેતી ચાર વર્ષની જીયાંશી મહેશભાઇ ચુડાસમા ઘર નજીક પટમાં બહેનપણી અને બીજા છોકરાઓ સાથે રમવા ગઇ ત્યારે અર્ટીગા કારની ઠોકરે આવી જતા ગંભીર ઇજા થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ હતી.

પરંતુ ટુંકી સારવાર બાદ દમ તોડી દેતાં






પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. મૃત્યુ પામનાર જીયાંશી એક ભાઇથી મોટી હતી અને આંગણવાડીમાં અભ્યાસ કરવા જતી હતી. તેના પિતા મહેશભાઇ ચુડાસમા મજુરી કરી ગુજરાન ચલાવે છે. પિતા મહેશભાઇએ જણાવ્યું હતું કે દિકરી જીયાંશીને બહેનપણી રમવા માટે બોલાવવા આવતાં તે બહાર ગઇ હતી. બાદમાં આ બંને અને બીજા છોકરા નજીકના પટમાં દડાથી રમવા ગયા ત્યારે ત્યાં અર્ટીગા કાર પાર્ક કરેલી હોઇ કારવાળાને થોડી દુર કાર લેવાનું બાળાઓએ કહેતાં એક છોકરો આવ્યો હતો.

આ છોકરો કાર દુર લેતો હતો ત્યારે કોઇપણ કારણોસર તેણે કાબુ ગુમાવતાં જીયાંશી ઠોકરે ચડી જતાં તેને માથા-મગજ-મોઢાના ભાગે ગંભીર ઇજા થઇ હતી. તેણીને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ ટુંકી સારવાર બાદ મૃત્યુ થયું હતું. મહેશભાઇએ જણાવ્યું હતું કે કારનો ચાલક સગીર વયનો હતો. ગોકુલ હોસ્પિટલ મારફત જાણ થતાં બી-ડિવીઝનના સ્ટાફે પ્રાથમિક કાર્યવાહી કરી બાળાના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. આગળની તપાસ ભગવતીપરા ચોકીના ઇન્ચાર્જ દ્વારા હાથ ધરવામાં આવી હતી. ચાલક ખરેખર કોણ હતો? તેની તપાસ થઇ રહી છે. આ ઘટનાથી બાળકીના માતા-પિતા સહિતના પરિવારજનો શોકમાં ડુબી ગયા છે અને વિસ્તારમાં પણ ગમગીની વ્યાપી ગઇ છે.

અપમૃત્યુની અન્ય એક ઘટનામાં ભાવનગર રોડ પર રાજમોતી મીલ પાસે મયુરનગરમાં રહેતો બબલુભાઇ સુદામાભાઇ વિશ્વકર્મા નામનો બેતાલીસ વર્ષનો યુવાન ઘરે હતો ત્યારે તબીયત બગડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં ઓપીડીમાં સારવાર માટે દાખલ કરાયો હતો. પરંતુ ત્યાં હાલત વધુ ખરાબ થતાં ઇમર્જન્સી વોર્ડમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. પરંતુ અહિ સાંજે દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના મહેશભા જોગડાએ કરતાં બી-ડિવીઝનના હેડકોન્સ. ઇલેશભાઇએ કાર્યવાહી કરી મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. ત્રીજા બનાવમાં પડધરી નજીક મોટા રામપરમાં આવેલા સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં સતાવન વર્ષના શૈલેષભાઇ મોહનભાઇ રવૈયા બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થતાં પડધરી પોલીસને જાણ કરવામાં આવતાં આકસ્મિક મોતની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

# રાંધણગેસનો બાટલો લિક થતાં મા-દિકરો દાઝયા

### શાપરથી બંનેને રાજકોટ સારવારમાં ખસેડાયા

રાજકોટ,તા.૨૬

રાંધણ ગેસનો બાટલો લિક થતાં અને આગ ભભૂકતા મા દિકરો દાઝી ગયા હતાં. રાજકોટના શાપર વેરાવળમાં રાંધણ ગેસનો બાટલો બદલતી વખતે આગ લાગી હતી. શાપરમાં શીતળા માતાજીના મંદિર નજીક રહેતાં બેતાલીસ વર્ષના ભાવનાબેન પ્રવિણભાઇ રાઠોડ નામના મહિલા ગઇકાલે ઘરે રાંધણગેસનો બાટલો બદલતાં હતાં ત્યારે કોઇ કારણોસર ગેસ લિક થતાં ભડકો થતાં દાઝી ગયા હતાં.

માતાને ઠારવા જતાં પુત્ર નયનભાઇ પ્રવિણભાઇ રાઠોડ કે જે ત્રીસ વર્ષનો છે તે પણ દાઝી જતાં બંનેને સારવાર માટે રાજકોટ ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરી હતી. ભાવનાબેનને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પતિ રિક્ષા હંકારી ગુજરાન



ચલાવે છે. પુત્ર નયનભાઇ શાપરમાં વડાપાઉની લારી રાખી ધંધો કરે છે. બાટલો બદલ્યા બાદ કદાચ નળી લિક થઇ હોઇ તેના કારણે આગ લાગ્યાનું તારણ કાઢવામાં આવ્યું હતું.

# ઓફિસના તાળા તોડી વીસ કીલોની તિજોરીની ચોરી!

### લીંબુડીવાડી રોડ પર બનાવઃ બે શકમંદની પુછપરછ



રાજકોટ,તા.૨૬

ચોર પણ જે હાથમાં આવે ઉસેડી જતાં હોય છે. શહેરના રૈયા રોડથી લીંબુડીવાડી મેઇન રોડ પર આવેલા માધવ વાટીકા કોમ્પલેક્ષમાં એક ઓફિસને નિશાન બનાવી તસ્કરો વીસ કિલો વજનની આખી તિજોરી ચોરી જતાં ચર્ચા જાગી છે. તિજોરીમાં દસ હજારની રોકડ હતી. ગાંધીગ્રમા પોલીસ સુધી ઘટના પહોંચતાં તત્કાળ તપાસ કરી શકમંદને સકંજામાં લઇ તપાસ હાથ ધરી હતો. તસ્કરોએ આખી તિજોરી ઉઠાવી લીધા બાદ મોટો દલ્લો હાથમાં આવ્યાનું માની રાજી થયા હતાં. પરંતુ તેમાંથી મોટી રકમ મળી નહોતી. વળી પોલીસ પણ તત્કાળ તેના સુધી પહોંચી ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો વિષ્ણુવિહાર સોસાયટીમાં રહેતાં જમીન-મકાનની લે-વેચનો વ્યવસાય કરતા વેપારી શિવરાજસિંહ લીંબુડીવાડી રોડ ન્યુ એરા સ્કૂલની બાજુમાં,માધવ વાટીકા કોમ્પ્લેક્ષમાં ઓફિસ નંબર-૧૨ ધરાવે છે. તેમની ઓફિસમાં ૨૪/૬ના રાતે કોઇ તાળા તોડી આખી તિજોરી કે જે આશરે ૨૦ કિલો વજનની છે તે ચોરી ગયા હતાં. તિજોરીમાં દસ હજારની રોકડ પણ હતી. આ ચોરીની ઘટના અંગે વેપારીએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પીએસઆઇ એમ. એસ. મહેશ્વરીએ ગુનો નોંધ્યો હતો. પીઆઇ એચ. પી. ગઢવીની રાહબરીમાં ડી. સ્ટાફ પીએસઆઇ રાવલીયા, સાથેના ચેતનસિંહ ગોહિલ, રવિભાઇ, શબ્બીરખાન, સહિતની ટીમે તપાસ શરૂ કરતાં બે શકમંદ સામે આવતાં તેને ઉઠાવી લઇ વિશેષ પુછતાછ હાથ ધરતાં ભેદ ઉકેલાઇ જવાની આશા છે. કાર લઇને આ બંને આવ્યા હતાં અને તિજોરી ઉઠાવી ગયા હતાં. ઝડપાયેલા બંને આ ઓફિસ નજીક જ અગાઉ ઉભા રહેતાં હોઇ ઓફિસની ભૌગોલિક સ્થિતિથી વાકેફ હોવાનું સમજાય છે. વિશેષ તપાસમાં વધુ હકિકત બહાર આવશે.

# વાહન ઉભુ રાખવા મામલે પિતા-પુત્ર પર પાડોશી હુમલો

### દુધ સાગર રોડની ભગવતી સોસાયટીમાં બન્યો બનાવ



રાજકોટ,તા.૨૬

પાડોશીઓ વચ્ચે અવાર-નવાર અલગ અલગ વાતે તણખા ઝરતાં હોય છે. ઘણીવાર લોહીયાળ મારામારી થઇ જાય છે. શહેરના દૂધ સાગર રોડ પર આવેલી સોસાયટીમાં બાઇક પાર્ક કરવા જેવી બાબતે પિતા પુત્ર પર પાડોશીઓએ છરી ધોકા વડે હુમલો કરતા ઈજાગ્રસ્ત થયા હતાં. વિગતો જોઇએ તો દૂધસાગર રોડ પર આવેલા ભગવતીપરા સોસાયટી શેરી નંબર-૪માં રહેતાં પચાસ વર્ષના ગનીભાઇ સુલેમાનભાઇ કારીયાણી પર સવારે તેમના પાડોશમાં રહેતાં સિકંદર, અલ્તાફ, નઝીર સહિતનાએ છરી-ધોકાથી હુમલો કરતાં ઇજાઓ પહોંચી હતી. તેમને બચાવવા માટે પુત્ર આસીફભાઇ ગનીભાઇ કારીયાણી કે જે ત્રીસ વર્ષનો છે તે વચ્ચે પડતાં તેને પણ માર મારવામાં આવતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પાડોશીઓના હુમલામાં ઘાયલ થયેલા ગનીભાઇ નિવૃત જીવન જીવે છે. જ્યારે તેનો પુત્ર આસીફભાઇ બેટરીની દુકાન ચલાવે છે. ગનીભાઇના કહેવા મુજબ બાજુમાં સિકંદરના ઘરનું કામ ચાલુ છે. પોતાના ઘર પાસે તેમણે બાઇક પાર્ક કરતાં સિકંદરે અહિ કેમ બાઇક રાખે છે તેમ કહી ઝઘડો કર્યો હતો. બાદમાં સિકંદર સહિતે હુમલો કર્યો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં થોરાળા પોલીસે વધુ તપાસ હાથ ધરી ગુનો નોંધવા તજવીજ કરી હતી.

### રૂ.૫૦૦ની જૂની ચલણી નોટોની ગેરકાયદે હેરફેર કે બદલી કરવાનું કૌભાંડ હજુ પણ ચાલુ ? : બે ની શોધખોળ ચાલુ

# જૂની રદ્દી ૩૯ લાખની ચલણી નોટ સાથે બે ઝડપાયા

રાજકોટ,તા.૨૬

રૂ.૫૦૦ની જૂની ચલણી નોટોની ગેરકાયદે હેરફેર કે બદલી કરવાનું કૌભાંડ હજુ પણ સક્રિય હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. રામોલ પોલીસે રબારી કોલોની ચાર રસ્તા પાસેથી બાતમીના આધારે બે શખસોને આંતરીને તેમની પાસેથી રૂ.૩૯ લાખની ૭,૮૦૦ નોટો ઝડપી પાડી છે. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અન્ય બે શખસોને વોન્ટેડ જાહેર કર્યા છે. રામોલ પોલીસની સર્વેલન્સ ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, બે શખસો પ્રતિબંધિત ચલણી નોટોનો મોટો જથ્થો લઈને પસાર થવાના છે. આ બાતમીના આધારે પોલીસે રબારી કોલોની ચાર રસ્તા પાસે વોચ ગોઠવીને શંકાસ્પદ હાલતમાં નીકળેલા બે શખસોને અટકાવ્યા હતા. તેમની તલાશી લેતા થેલીમાંથી ૫૦૦ના દરની જૂની નોટોના બંડલો મળી



આવ્યા ઝડપાયેલા આરોપીઓમાં મૂળ જામનગરના વતની અને હાલ અંબરનાથ ઈસ્ટ, મુંબઈ રહેતો ભરતસિંહ પ્રાગજીભાઈ મહીડા તેમજ સુરતના મેરાજુદ્દીન જમીલ ખાનનો સમાવેશ થાય છે.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા આરોપીઓએ કબૂલાત કરી છે કે, રદ થયેલી આ નોટો તેઓ મહારાષ્ટ્રના જલગાંવ ખાતે રહેતા અયાનુદ્દીન ગયાસુદ્દીન પતવે નામના શખસ પાસેથી લાવ્યા હતા. આ જથ્થો તેઓ ગાંધીનગરના શૈલેષ પટેલ નામના વ્યક્તિને ગેરકાયદે રીતે બદલી કરવા માટે આપવાના હતા.

પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૩૯ લાખની કિંમતની ૭,૮૦૦ નંગ નોટો ઉપરાંત રૂ. ૨૦૦૦ની કિંમતના બે મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા છે. રામોલ પોલીસે સ્પેસિફાઈડ બેંક નોટ્સ (સેસેશન ઓફ લાયબિલિટીઝ) એક્ટ, ૨૦૧૭ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### સૌરાષ્ટ્રભરના દર્દીઓ જ્યાં આશા લઈને આવે છે ત્યાં વધુ એક પરિવારે સ્વજન ગુમાવ્યા

# ECGની લાઈનમાં ઉભેલા દર્દીનું હાર્ટએટેકથી મોત

### સિવિલ હોસ્પિટલમાં બેદરકારીના આક્ષેપો સાથે મૃતકના સ્વજનોએ રોષ ઠાલવ્યોઃ અન્ય બે ઘટનામાં તાવથી એક પ્રૌઢનું મોતઃ એક પ્રૌઢે બેભાન હાલતમાં જીવ ગુમાવ્યો

રાજકોટ,તા.૨૬

સૌરાષ્ટ્રભરના દર્દીઓ માટે આશાનું કિરણ મનાતી રાજકોટ શહેરની પીડીયુ સિવિલ હોસ્પિટલમાં આમ તો અનેક પ્રકારની સુવિધાઓ મળતી રહે છે અને દર્દીઓને મોંઘામાં મોંઘી સારવાર ઓપરેશન પણ વિનામુલ્યે થઇ શકે તે રીતે ટ્રીટમેન્ટ અપાય છે. પરંતુ અનેક વખત અમુક સ્ટાફની બેદરકારીને કારણે દર્દીઓને ભોગવવું પડે છે. આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. આક્ષેપો મુજબ એક યુવાન વયના દર્દીને છાતીમાં દુઃખાવાની સારવાર માટે અહિ લાવવામાં આવ્યા હતાં. પરંતુ તેમને તત્કાળ સારવાર આપવાને બદલે ઈસીજી કઢાવવા મોકલી દેવાયા હતાં. સગાના આક્ષેપો મુજબ અહિ પચાસેક દર્દીઓની લાઇન હોઇ લાઇનમાં લાંબો સમય ઉભા રહ્યા બાદ દર્દી ત્યાં જ ઢળી પડ્યા હતાં અને મોત થયું



હતું. વિગતો પર નજર કરીએ તો ભાવનગર રોડ મયુરનગરમાં રહેતાં એક યુવાન પોતાને ગભરામણ થતી હોઇ ઈસીજી કઢાવવાની લાઇનમાં ઉભા હતાં ત્યારે એકાએક ઢળી પડતાં બેભાન થઇ જતાં સારવાર માટે દાખલ કરાયા હતાં. પરંતુ તેનું મોત થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે ઈસીજી કઢાવવમાં પચાસેક દર્દીની લાઇન હતી, ઈમર્જન્સી હોવા છતાં અમારા દર્દીને આળગ વારામાં લેવાની તસ્દી સંબંધીઓને દાખવી નહોતી. ભાવનગર રોડ પર મયુરનગરમાં રાજમોતી મીલ પાસે રહેતાં બેતાલીસ વર્ષના બબલુભાઇ સુદામાભાઇ વિશ્વકમા નામના યુવાનને બપોરે ઘરે હતાં ત્યારે તબિયત બગડતાં ગભરામણ જેવું થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

અહિ તેઓ ઓપીડીમાં ઈસીજી કઢાવવા માટેની લાઇનમાં ઉભા હતાં. ત્યારે એકાએક બેભાન થઇ ઢળી પડતાં ઓપીડી વિભાગમાં સારવાર માટે ખસેડાયા હતાં. ત્યાંથી વધુ સારવાર માટે ઈમર્જન્સી વિભાગમાં લાવવામાં આવ્યા હતાં. પરંતુ અહિ તેમનું સાંજે મૃત્યુ થયું હતું. બનાવ અંગે તબિબે પોલીસ કેસ જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના મહેશભાઇ જોગડા, ધર્મેન્દ્રભાઇ હુદડ સહિતે જાણ કરતાં બી-ડિવીઝનના હેડકોન્સ. ઇલેશભાઇએ જરૂરી કાર્યવાહી કરી હતી. મૃતક મુળ યુપીના વતની હતાં અને બે બહેન ત્રણ ભાઇમાં મોટા હતાં અને કારખાનામાં કામ કરતાં હતાં.

તેમને સંતાનમાં એક દિકરી અને ત્રણ દિકરા છે. સગાએ આક્ષેપ કર્યો હતો કે તબિયત વધુ ખરાબ હોવા છતાં ઈસીજી કઢાવવા ૧૯ નંબરના રૂમ ખાતે મોકલાયા હતાં. જ્યાં લાઇનમાં ઉભા રખાયા હતાં. પણ લાઇનમાં અગાઉથી પચાસેક દર્દીઓ હતો. જો ઝડપથી ઈસીજી કાઢી આપી સારવાર કરવામાં આવી હોત તો કદાચ અમારા સ્વજન હયાત હોત. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો અને સાથે સાથે સિવિલ હોસ્પિટલ તંત્રની વ્યવસ્થા સામે રોષ પણ વ્યાપી ગયો હતો. મૃતકના સગાએ કહ્યું હતું કે લાપરવાહીને કારણે આમ થયું હોઇ અમે જવાબદાર સામે કાર્યવાહી કરાવશું.

બીજી એક અપમૃત્યુની ઘટનામાં કોઠારીયા સોલવન્ટ શિતળાધારમાં રહેતાં પ્રેમરજભાઇ શીવાલકભાઇ યાદવ નામના પંચાવન વર્ષના પ્રૌઢ રાતે દસેક વાગ્યે ઘરે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર મુળ બિહારના વતની હતાં અને કારખાનામાં કામ કરતાં હતાં. તેઓ એક બહેન અને ચાર ભાઇમાં નાના હતાં. તેમને સંતાનમાં બે પુત્ર છે. તાવ આવતો હોઇ સિવિલમાંથી દવા લીધી હતી. અચાનક બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયાનું સગાએ કહ્યું હતું.

ત્રીજી ઘટના જોઇએ તો બનાવમાં રૈયા રોડ હનુમાન મઢી પાછળ શિવપરા-૧માં રહેતાં ત્રેપન વર્ષના કાળુભાઇ રામજીભાઇ પીલુકીયા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં ગાંધીગ્રામ પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃતક બે ભાઇ અને બે બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. કીડનીની બિમારી હોઇ કેટલાક મહિનાથી કામ કરી શકતાં નહોતાં. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

ઈન્ટરનેટ-એઆઈના યુગમાં પણ લોકો નથી આવી શક્યા અંધશ્રધ્ધામાંથી બહાર

# તાંત્રિકવિધીની શંકાએ મહિલાને પાડોશીએ પતાવી

## પંચાવન વર્ષિય મહિલાને તિક્ષણ હથીયારથી મારી નાંખી હત્યારો ભાગી ગયોઃ પોલીસે તેને દબોચી લઇ કાર્યવાહી કરી

રાજકોટઃ તા.૨૬

ઈન્ટરનેટ અને એઆઈના યુગમાં પણ લોકો અંધશ્રધ્ધામાં અટવાઈને આર્થિક શારીરિક રીતે શોષીત થતાં રહે છે. ઘણીવાર આવા કિસ્સામાં વાત અત્યંત ગંભીર બની જતી હોય છે. આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં તાંત્રિકવિધીના વહેમમાં એક મહિલાને પાડોશીએ જ પતાવી દીધી હતી. આ મહિલા વિધી કરાવી હેરાન કરતી હોવાની શંકા ઉપજતાં પાડોશમાં રહેતાં શખ્સે તિક્ષ્ણ હથીયારના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધી હતી અને ભાગી ગયો હતો. જો કે ઘટના પોલીસ સુધી પહોંચતા કલાકોમાં જ આ હત્યારાને ઝડપી લેવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો ઘટના છોટાઉદેપુર જિલ્લાના કદવાલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા કંડા ગામે બની છે. અહિ અંધશ્રદ્ધા અને શંકાકુશંકાની ભયાનક પરાકાષ્ઠા સમાન એક હચમચાવી દેતી ઘટના સામે આવી હતી. તાંત્રિક વિધિના વ્હેમ હેઠળ એક પાડોશીએ જ પોતાના જ ફળિયામાં રહેતી પંચાવન વર્ષીય આધેડ મહિલા પર તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કરી તેની ક્રૂર હત્યા નીપજાવી હતી. આ સનસનાટીભર્યા હત્યાકાંડથી સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

હત્યાની આ ઘટના જાહેર થતાં જ કદવાલ પોલીસે ગણતરીના કલાકોમાં જ ત્વરિત કાર્યવાહી કરીને મુખ્ય આરોપીની અટકાયત કરી આ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો હતો. પોલીસ સુત્રોએ કહ્યું કે કંડા ગામના ઠાકોર ફળિયામાં રહેતા પંચાવન વર્ષીય મીનાબેન વિક્રમસિંહ પરમાર પર મોડી રાત્રે તીક્ષ્ણ હથિયાર વડે હડહડતો હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલો એટલો ભયાનક હતો કે ગંભીર ઈજાઓ થવાના કારણે મીનાબેનનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. લોહીલુહાણ હાલતમાં મહિલાનો મૃતદેહ મળી આવતા જ સ્થાનિકો ભયભીત થઈ ગયા હતા.



ઘટનાની ગંભીરતાને જોતા તાત્કાલિક ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને કદવાલ પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને આગળની તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. હત્યાની આ ઘટનામાં કોઈ કડી ન હોવા છતાં કદવાલ પોલીસે આધુનિક પદ્ધતિથી તપાસ શરૂ કરી હતી. પોલીસે વૈજ્ઞાનિક પુરાવાઓ, ટેકનિકલ સર્વેલન્સ અને સ્થાનિક ખબરીઓ પાસેથી મળેલી ચોક્કસ માહિતીના આધારે ગણતરીના કલાકોમાં જ હત્યા કરનાર આરોપી પિસ્તાલીસ વષના સુરેન્દ્રસિંહ જુવાનસિંહ પરમારને દબોચી લીધો હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આરોપી અને મૃતક મહિલા એક જ ફળિયામાં પાડોશમાં રહેતા હતા. આરોપી સુરેન્દ્રસિંહને એવો વ્હેમ હતો કે મહિલા તેના પર કોઈ તાંત્રિક વિધિ કે મેલી વિદ્યા કરે છે, જેની અદાવત રાખીને તેણે આ ક્રૂર હત્યાકાંડને અંજામ આપ્યો હતો. હાલ પોલીસે આરોપી સામે કાયદેસરનો ગુનો નોંધીને તેને પકડી લઇ વિશેષ પુછપરછ હાથ ધરી હતી. આમ શંકા વ્હેમને કારણે ગંભીર ગુનો બન્યો હતો. જેમાં એક મહિલાની પાડોશીના હાથે હત્યા થઇ ગઇ હતી. અન્ય એક આપઘાતની ઘટના જોઇએ તો વડોદરાના ખારીવાવ રોડ પર રહેતી ચુમાલીસ વર્ષીય મહિલાએ તેના ઘરમાં ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. રાવપુરા પોલીસે મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને તપાસ શરૂ કરી હતી. પોલીસને મહિલા પાસેથી એક અંતિમ ચિઠ્ઠી મળી આવી હતી, જેમાં તેણે પોતાના પ્રેમી વિશે લખ્યું હતું. પોલીસની તપાસમાં બહાર આવ્યું હતું કે મહિલાના પ્રેમીએ તેને દગો આપ્યો હોવાને કારણે આઘાતમાં આ પગલું ભર્યું હતું. ખારીવાવ રોડ પર આવેલા એપાર્ટમેન્ટમાં રહેતા ચુમાલીસ વર્ષીય જ્યોતિબેનના દસ વર્ષ પહેલા છૂટાછેડા થઈ ગયા હતા. તેઓ પોતાના દીકરા-દીકરી સાથે રહેતા હતા. હાલમાં તેમની દીકરી તેના મામાના ઘરે ગઈ હતી. મંગળવારે સવારે જ્યોતિબેનના પાડોશીને શંકા જતા તેઓએ પોલીસ કંટ્રોલને અને તેમના નોકરીએ ગયેલા પુત્રને જાણ કરી હતી. ઘરનો દરવાજો અંદરથી બંધ હોવાને કારણે પોલીસ દરવાજો તોડીને ઘરમાં પ્રવેશી હતી. જ્યાં જ્યાતિબેને પંખાના હુક પર ઓઢણી બાંધીને આપઘાત કરી લીધો હતો. પોલીસે મહિલાના મૃતદેહનો કબજે લઈને પોસ્ટ મોર્ટમ માટે ખસેડ્યો હતો. ઘટના સ્થળની તપાસ કરતા મહિલાના પર્સમાંથી એક નાની અંતિમ ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં તેણે તેના પ્રમીને લઈને કેટલીક વાત કરી હતી. આ ચીઠ્ઠીના આધારે જ પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. તપાસ અધિકારી પીએસઆઈ આર. સી. તડવીએ જણાવ્યું હતુ કે, મહિલાના દસવર્ષ પહેલા છૂટાછેડા થઈ ગયા હતા. તે આઠેક વર્ષથી વિશાલ નામના એક વ્યક્તિ સાથે પ્રેમ સંબંધમાં હતા. તેઓ ઘરે આવતા-જતા હોવાને કારણે મહિલાના પરિવારને વિશાલ વિશે જાણ હતી. વિશાલે મહિલાને લગ્ન કરવાનો વાયદો આપ્યો હતો. જોકે થોડા સમય પહેલા મહિલાને જાણ થઈ હતી કે, તેના કોઈ અન્ય મહિલા સાથે સંબંધ છે. જેથી મહિલાએ તે અન્ય મહિલાને ફોન કરીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે મારો અને વિશાલનો પ્રેમ સંબંધ છે. મહિલાએ એકથી વધુ વાર ગર્ભપાત પણ કરાવ્યો હતો. હાલમાં મહિલા પાસેથી મળેલી ચિઠ્ઠી, તેનો ફોન કબજે લઈને તપાસ શરૂ કરી હતી. આમ પ્રેમીની બેવફાઇ આ મહિલાને આપઘાત કરવા દુષ્પ્રેરણા આપી ગઇ હતી.

### પ્રેમીએ દગાખોરી કરતાં મહિલાએ કરી લીધો આપઘાતઃ મૃતક બે સંતાનની માતા હતી

પહેલા પાર્લરમાં આવી પેકેજના ભાવતાલ જાણ્યા, પછી એક મહિલાએ કહ્યું મને જોગણી માતા આવે છે, તમારા પર માતાજીના ખુબ આશીર્વાદ છે પણ પાર્લર ઉપર નાગદોષ છે વિધી કરવી પડે કહી ફ્રોડ

# મહિલાને માતાજીના નામે ચિત્તભ્રમ કરી રોકડ-દાગીના ઉસેડ્યા

## અજાણી ત્રણ મહિલાઓએ બ્યુટી પાર્લર સંચાલીકા સાથે ઠગાઇ કરતાં તપાસનો ધમધમાટઃ ત્રણ ઠગ મહિલા સીસીટીવી કેમેરામાં કેદ થઇ

રાજકોટઃ તા.૨૬

લોકોને અલગ અલગ રીતે છેતરી લેવાની ઘટનાઓ રોજબરોજ બનતી હોય છે. કોઇ નકલી કિન્નરનો સ્વાંગ રચીને ઠગાઇ કરે છે તો કોઇ નાગા બાવાના વેશ ધરીને લોકોની સાથે ઠગાઇ કરે છે. ત્યાં હવે નવતર કિસ્સો બન્યો છે જેમાં એક બ્યુટી પાર્લરના સંચાલીકા મહિલા પાસે આવેલી ત્રણ મહિલાઓએ તમારા પાર્લર પર નજર છે, આ પાર્લર પર નાગ-નાગણીનો દોષ છે, વિધી કરીને આ દોષમાંથી તમને મુક્ત કરી શકાય છે તેવી વાતોએ વળગાળી તેણીને કોઇપણ રીતે ચીત્તભ્રમ કરી તેના દાગીના અને રોકડ ચોરી ભાગી ગઇ હતી. આ ત્રણેય ઠગ મહિલાને શોધવા પોલીસે તપાસ હાથ ધરી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરના વ્યસ્ત ગણાતા ગેંડીગેટ વિસ્તારમાં અંધશ્રદ્ધા અને સંમોહનનો લાભ લઈને ધોળા દિવસે લૂંટ આચરવામાં આવી હોવાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક બ્યુટી પાર્લરની મહિલા સંચાલિકાને ત્રણ



અજાણી મહિલાઓએ જોગણી માતાના આશીર્વાદ આપવાના અને નાગ-નાગિનનો દોષ નિવારવાના બહાને પોતાની વાતોની જાળમાં ફસાવી હતી. ત્યારબાદ મહિલા પર સંમોહન જેવી અસર કરીને તેની પાસેથી સોનાનું કિંમતી મંગળસૂત્ર અને ગલ્લામાં રહેલી રોકડ રકમ પડાવીને આ ઠગ ટોળકી પલાયન થઈ ગઈ છે. આ ચકચારી ઘટનાને પગલે સ્થાનિક વેપારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. વધુ માહિતી અનુસાર ગેંડીગેટ વિસ્તારમાં આવેલા નવ્યા બ્યુટી પાર્લરના સંચાલિકા હેતલબેન હિતેશભાઈ દરરોજની જેમ પોતાના પાર્લર પર હાજર હતા.

તે સમયે ગ્રાહકના વેશમાં ત્રણ અજાણી મહિલાઓ પાર્લરમાં આવી પહોંચી હતી. શરૂઆતમાં આ ત્રણેય મહિલાઓએ મેકઅપ, હેરસ્ટાઈલ અને અન્ય બ્યુટી સર્વિસના ભાવો તેમજ વિવિધ પેકેજ અંગે ખૂબ જ સામાન્ય રીતે વાતચીત કરી હતી. આ મીઠી-મીઠી વાતો દ્વારા તેમણે પાર્લરના સંચાલિકાનો સંપૂર્ણ વિશ્વાસ જીતી લીધો હતો. વિશ્વાસ કેળવ્યા બાદ તેમાંથી મુખ્ય મહિલાએ અચાનક ધાર્મિક વાતો શરૂ કરી હતી અને પોતાને જોગણી માતાનો સદ  આવતો હોવાનો સ્વાંગ રચ્યો હતો અને ધુણવાનું નાટક કર્યુ હતુ. તેણીએ હેતલબેનને ડરાવતા અને લલચાવતા કહ્યું કે તમારા પાર્લર પર માતાજીના અસીમ આશીર્વાદ છે.

પરંતુ સાથે-સાથે તમારા પર મોટો નાગ નાગિનનો દોષ નડી રહ્યો છે, જેના કારણે તમારી આર્થિક પ્રગતિ અટકી શકે છે. આ કથિત દોષ અને નડતરને તાત્કાલિક દૂર કરવા માટે એક વિશેષ પૂજા-વિધિ કરવી પડશે તેમ કહીને સોનાની વસ્તુ અને રોકડ રકમની માંગણી કરી હતી. ભોગ બનનાર સંચાલિકા હેતલબેનના જણાવ્યા અનુસાર, તે મહિલાઓની વાતો અને આંખોની સંમોહન જેવી અસરમાં એટલી હદે આવી ગયા હતા કે તેઓ સારાસારનો વિવેક ભૂલી ગયા હતા. તેમણે તાત્કાલિક પોતાના ગળામાંથી અંદાજે દોઢથી બે તોલાનું સોનાનું મંગળસૂત્ર ઉતારી દીધું હતું અને ગલ્લામાં રહેલી આશરે ચારેક હજારની રોકડ રકમ પણ તે મહિલાઓના હાથમાં સોંપી દીધી હતી.

દાગીના અને રોકડ હાથમાં આવતાની સાથે જ પૂજાના બહાને ત્રણેય મહિલાઓ ત્યાંથી રફુચક્કર થઈ ગઈ હતી. મહિલાઓના ગયા બાદ થોડીવારે જ્યારે હેતલબેન આ માયાવી જાળમાંથી બહાર આવ્યા અને ભાનમાં આવ્યા, ત્યારે તેમને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થયો હતો. આસપાસ તપાસ કરવા છતાં મહિલાઓ ક્યાંય મળી ન આવતા આખરે તેમણે તાત્કાલિક સ્થાનિક પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી. ભોગ બનનારના જણાવ્યા મુજબ, મુખ્ય આરોપી મહિલાએ લીલા રંગની સાડી પહેરી હતી, જ્યારે તેની સાથે આવેલી અન્ય બે મહિલાઓ અનુક્રમે મરૂન અને રામા કલરની સાડીમાં સજ્જ હતી. પોલીસે આ મામલે કાયદેસરનો ગુનો નોંધી, બ્યુટી પાર્લરની અંદર તેમજ ગેંડીગેટ રોડની આસપાસની દુકાનોના સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવીને આ સાડીવાળી ઠગ ત્રિપુટીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતાં. આમ ત્રણ ઠગ મહિલાએ નવતર કિમીયો અજમાવી ઠગાઇ કરી લીધી હતી.



# ઘર પાસે ગાળો બોલવાની ના પાડતાં યુવાન પર ધારીયાના ઘા

## ત્રણ પાડોશી તુટી પડ્યાઃ મોરબીથી રાજકોટ ખસેડાયો

રાજકોટઃ તા.૨૬

મારામારીના એક બનાવમાં મોરબીમાં રહેતાં યુવાને પોતે રાતે પરિવારજનો સાથે વાળુ કરવા બેઠો હતો ત્યારે ઘર પાસે કેટલાક શખ્સો ગાળાગાળી કરતાં હોઇ તેણે ઘરમાં મહિલા સભ્યો છે અહિ ગાળો ન બોલો તેમ કહેતાં આ શખ્સોએ તેની સાથે ઝઘડો કરી ઢીકાપાટુનો માર મારી કુહાડાથી હુમલો કરતાં લોહીલુહાણ થઇ જતાં સારવાર માટે રાજકોટ ખસેડાયો હતો. મોરબીમાં કુબેર ટોકીઝ નજીક રહેતો સુનિલ ધમાભાઇ વાઘેલા નામનો પાંત્રીસ વર્ષનો સાંજે આઠેક વાગ્યે ઘરે હતો ત્યારે તેના વિસ્તારમાં જ રહેતાં વિક્રમ, રઘુવીર ઉર્ફે રઘુ અને હિમત સહિતનાએ ઝઘડો કરી ગાળો દઇ કુહાડાથી હુમલો કરી માથા શરીરે ઇજાઓ થઇ હતી.

લોહીલુહાણ હાલતમાં સુનિલને મોરબી હોસ્પિટલમાં ખસેડાયો હતો. ત્યાં સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે મોરબી બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. સુનિલના કહેવા મુજબ તે હોર્ડીંગ લગાડવાની મજુરી કરે છે. સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. સાંજે પોતે અને પરિવારના લોકો વાળુ કરતાં હતાં ત્યારે ઘર બહાર વિક્રમ, રઘુ, હિમત સહિતના ગાળાગાળી કરતાં હોઇ તેને ઘરથી દુર જવા સમજાવતાં ઉશ્કેરાઇ જઇ તુટી પડ્યા હતાં. પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

તમને હું એક ફાઇલ મોકલું છું, તો તાત્કાલિક ઇન્સટોલ કરી દો. નહીં તો પેન્શન અટકી જશે...વૃધ્ધ સાચુ માન્યા અને છેતરાઇ ગયા

# પેન્શનના નામે APK ફાઇલ મોકલી ૪૦ લાખની ઠગાઇ

## બીજા બનાવમાં યુવાનને આરટીઓના ઇ-ચલણની ફાઇલ મોકલી ફોન હેક કરી અગીયાર લાખ ઉસેડી લેવાયા

રાજકોટઃ તા.૨૬

લોકોને કોઇપણ રીતે જાળમાં ફસાવી તેમના બેંક ખાતામાંથી નાણા ઉસેડી લેવાની બાબતમાં સાયબર ગઠીયાઓ એક દિવસ પણ કોરો જવા દેતાં નથી. વધુ બે છેતરપીંડી સામે આવી છે જેમાં સાયબર ગઠીયાઓએ એપીકે ફાઇલનો ઉપયોગ કર્યો હતો. એક નિવૃત બેંક મેનેજરનેવેરીફીકેશનના બહાને એપીકે ફાઇલ મોકલી તેના એકાઉન્ટમાંથી ઓગણચાલીસ લાખ સિત્તેર હજાર ઉસેડી લીધા હતાં. બીજી ઘટનામાં આરટીઓ ઇ-ચલણની એપીકે ફાઇલ ડાઉનલોડ કરનાર યુવાને પોણા બે લાખ જેવી રકમ ગુમાવી દીધી હતી.

સાયબર ફ્રોડની પ્રથમ ઘટના જોઇએ તો એપીકે ફાઇલ મોકલી ફોન હેક કરી બેંક એકાઉન્ટમાંથી પૈસા ઉપાડી લેવાની વધુ એક ઘટના નિવૃત્ત બેંક મેનેજર સાથે બની છે. દસ વર્ષથી પેન્શનનો લાભ લેતા આ સિનિયર સિટીઝનને ‘પેન્શન કાર્ડ વેરિફિકેશન’ના બહાને ફોન કરી સાઇબર ગઠિયાએ રૂ.૩૯.૭૦ લાખ પડાવી લીધા હતાં. ચાંદખેડામાં આવેલા જહાનવી બંગ્લોઝમાં રહેતા સિત્તેર વર્ષના ચિરાગભાઈ સુતરિયા રીલિફ રોડ પરની સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયામાંથી નિવૃત્ત થયા છે. જ્યારે આ જ બેંકમાં તેઓ પેન્શન એકાઉન્ટ તેમ જ ઓવરડ્રાફ્ટ ફિક્સ ડિપોઝિટ સહિતનાં ત્રણ એકાઉન્ટ ધરાવે છે. તેમને ચિરાગભાઈ સુતરિયાને અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો.

સામે વાળી વ્યક્તિએ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયામાંથી વાત કરતા હોવાનું કહીને ચિરાગભાઈને કહ્યું હતું કે, તમારા પેન્શન કાર્ડનું વેરિફિકેશન બાકી છે. તમને હું એક ફાઇલ મોકલું છું, તો તાત્કાલિક ઇન્સટોલ કરી દો. નહીં તો પેન્શન અટકી જશે. ચિરાગભાઈએ મોબાઇલ ફોનમાં ફાઇલ ડાઉનલોડ કરતા જ તેમના અલગ અલગ બેંક એકાઉન્ટમાંથી રૂ. ૩૯.૭૦ લાખ પડી ગયા હતા. તેમણે તાત્કાલિક બેંકમાં ફોન કરીને તેમનાં ત્રણેય એકાઉન્ટ બ્લોક કરાવી દીધાં હતાં, પણ ત્યાં સુધીમાં તેમના એકાઉન્ટમાંથી પાંચ ટ્રાન્ઝેક્શનથી રૂ.૩૯.૭૦ લાખ પડી ગયા હતા.

આ કિસ્સામાં ચિરાગભાઈ સુતરિયાને પેન્શન કાર્ડ વેરિફિકેશનના નામે એપીકે ફાઇલ




મોકલીને સાઈબર ગઠિયાઓએ રૂ.૩૯.૭૦ લાખ પડાવ્યા હતાં. તો અગાઉ નિક્ષિત સતિયા નામના ત્રેસઠ વર્ષના વૃધ્ધને ઈન્ડસઇન બેંકના કર્મચારી તરીકે ઓળખ આપી પેન્શન કાર્ડ અપડેટ કરાવવા માટે એપીકે ફાઈલ મોકલીને રૂ.૯.૨૨ લાખ પડાવાયા છે. નિકોલમાં રહેતાં નીલમબહેન પટેલને પાનકાર્ડ અપડેટ કરવા માટે બેંકના નામની એપીકે ફાઇલ મોકલીને રૂ.૭.૪૬ લાખ પડાવાયા હતા. તેમજ કશોરભાઈ પટેલને આરટીઓ ઈ-ચલણના નામે એપીકે ફાઇલ મોકલીને રૂ.૧૧.૨૫ લાખ પડાવાયા હતા. આ ઉપરાંત કણભામાં લોખંડનો ધંધો કરતા વેપારી હેમલભાઈ પટેલને આરટીઓ ઈ-ચલણના નામે એપીકે ફાઇલ મોકલીને રૂ.૯.૯૯ લાખ પડાવાયા હતાં. આમ આવા કિસ્સા સતત વધી ગયા છે.

બીજી ઘટના જોઇએ તો ઓઢવના રહેતો પાંત્રીસ વર્ષીય યુવક ખાનગી કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરે છે. યુવકના ફોનમાં અજાણ્યા નંબર પરથી ચ્બ્ ચલણની એપીકે ફાઇલ આવી હતી. જે ફાઇલ ડાઉનલોડ કરી યુવકે તેમાં નામ, સરનામું સહિતની વિગત ભરી હતી. આ દરમિયાન યુવકનો ફોન અચાનક ચોંટી ગયો હતો. યુવકના ફોનમાં અલગ અલગ ઓટીપી આવવાના શરૂ થયા હતા, પરંતુ યુવકે ધ્યાન આપ્યું ન્હોતું. બીજા દિવસે જ્યારે યુવકે બેંકમાં મેસેજ જોયા ત્યારે યુવકના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્ઝેક્શન થયાના મેસેજ હતા જેથી યુવકે બેંકમાં જઈને તપાસ કરી તો તેનું બેંક એકાઉન્ટ સંપૂર્ણ ખાલી થઈ ગયું હતું. યુવકના ખાતામાંથી કુલ ૧૧.૮૭ લાખ અજાણ્યા વ્યક્તિએ ટ્રાન્સફર કરી દીધા હતા જે અંગે યુવકે સાયબર ક્રાઈમ હેલ્પલાઇનનો સંપર્ક કરી સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. ફાઇલ ઓપન થઈ જાય તો ફોન લાઇટ મોડ પર મૂકો, ફોનમાંથી મેસેજની આપલે બંધ થઈ જશે. વોટ્સએપમાં આવતી કોઈ પણ એપીકે ફાઇલ ડાઉનલોડ, ઈન્સ્ટોલ કે ઓપન કરવી નહીં. એપીકે ફાઇલ ડાઉનલોડ કરવાથી તમારા મોબાઇલ ફોનના તમામ એક્સેસ સાઇબર ગઠિયાઓ પાસે પહોંચી જાય છે. મોબાઇલ ફોનનો એક્સેસ મેળવી સાઇબર ગઠિયાઓ મેસેજ, કોન્ટેક્ટ, ગેલેરી તેમ જ તમામ ઓનલાઇન એપ્લિકેશનના એક્સેસ મેળવી લે છે. આથી એપીકે ફાઇલ ઓપન થઈ જાય તો ફોન તાત્કાલિક ફલાઇટ મોડમાં કરી દેવો અને ઇન્ટરનેટ બંધ કરી દેવું. ફોન લાઇટ મોડમાં કરી દેવાથી ફોનમાંથી ટેક્સ્ટ મેસેજની આપલે બંધ થઈ જાય છે. સાઇબર ગઠિયા પાસે તમારી ઓનલાઇન બેંકની એપ્લિકેશન ઓપરેટ કરવા માટે ઓટીપી આવતા નથી. આમ કરવાથી સાઇબર ગઠિયા તમારા બેંક એકાઉન્ટમાંથી પૈસા ઉપાડી શકશે નહિ. જો તેમ છતાં એપીકે ફાઇલ ઈન્સ્ટોલ થઈ જાય તો બેંક તેમ જ સાઇબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર ફરિયાદ કરવી.

### જેની સાથે કામ કરી ધંધો શીખ્યો તેના જેવો જ ધંધો અલગથી ચાલુ કરી ગ્રાહકો તોડવાનું ચાલુ કરતાં થયો બખેડો અને સશસ્ત્ર ધમાલઃ ચાર લોકો લોહીલુહાણ

# ફોટોફ્રેમના ધંધાના ડખ્ખામાં યુવાન પર હિચકારો હુમલો

### તેના કાકાને પણ ગંભીર ઇજાઃ શિવાજીનગરમાં ઘટનાઃ થોરાળા પોલીસે હુમલાખોર એવા બે સગા ભાઇઓ, તેના પિતા-કાકા, માતા વિરૂધ્ધ દાખલ કરી એફઆઇઆરઃ હુમલાખોરોમાંથી પણ બે જણાને પહોંચી ઇજા

રાજકોટઃ તા.૨૬

એક સરખા ધંધાને કારણે ઘણીવાર વેપારીઓ વચ્ચે માથાકુટ થઇ જતી હોય છે. આવા જ કારણોસર શહેરના દૂધ સાગર રોડ પર શિવાજીનગરમાં રહેતાં ફોટોફ્રેમના ધંધાર્થીઓ વચ્ચે સશસ્ત્ર અથડામણ થઇ જતાં ચારને ઇજા થઇ હતી. જેમાં એક યુવાન અને તેના કાકાને ગંભીર ઇજા પહોંચી હોઇ થોરાળા પોલીસે હત્યાની કોશિષ મામલે સામેના પરિવારના બે સગા ભાઇઓ, તેના કાકા-પિતા-માતા વિરૂધ્ધ ટોળકી રચી હત્યાનો પ્રયાસ કરવાનો ગુનો દાખલ કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો ફોટોફ્રેમનો ધંધો કરતાં યુવાન અને તેના કાકા પર રાતે ધંધાખારને કારણે શિવાજીનગરમાં રહેતાં બે સગા ભાઇઓ, તેના પિતા, કાકા, માતાએ મંડળી રચી છરી-ધોકાથી હુમલો કરી ગંભીર ઇજાઓ પહોંચાડતાં બંને સારવાર હેઠળ છે. હુમલાખોરોમાંથી પણ બે જણા ઘાયલ થયા હોઇ તેને પણ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં તેના પર પોલીસ પહેરો મુકી દેવાયો હતો. પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ શિવાજીનગર-૭માં રહેતાં ગોપાલ દેવજીભાઇ જાદવ નામના બત્રીસ વર્ષના યુવાન અને તેના કાકા ચાલીસ વર્ષના વિજયભાઇ નાથાભાઇ જાદવ પર રાતે શિવાજીનગરમાં અનિલ, સુનિલ, સહિતનાએ છરી-ધોકાથી હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં થોરાળા પોલીસને જાણ કરવામાં આવી હતી.

આ બનાવમાં થોરાળા પોલીસે ગંભીર ઇજાગ્રસ્ત ગોપાલના નાના ભાઇ દૂધ સાગર રોડ પર શિવાજીનગર-૭માં રહેતાં અને ફોટો ફ્રેમનો વેપારધંધો કરતાં ત્રીસ વર્ષના રાહુલ દેવજીભાઇ જાદવ-કોળીની ફરિયાદ પરથી આ વિસ્તારમાં જ રહેતાં સુનિલ, અનિલ, રમેશભાઇ, હંસાબેન અને ભરતભાઇ વિરૂધ્ધ ગેરકાયદે મંડળી રચી છરી, ધોકાથી હુમલો કરી રાહુલના ભાઇ ગોપાલ દેવજીભાઇ જાદવને પેટમાં ઘા મારી હત્યાની કોશિષ કરવાનો અને ગોપાલના કાકા વિજયભાઇ નાથાભાઇ જાદવને પણ ઇજાઓ પહોંચાડવાનો અને ધમકી આપવાનો ગુનો દાખલ કર્યો હતો.

આ ઘટના મામલે રાહુલ જાદવે ફરિયાદમાં જણાવ્યું હતું કે હું ફોટો ફ્રેમનો વેપાર ધંધો કરી ગુજરાન ચલાવું છું. મારી સાથે માતા-પિતા મોટો ભાઇ ગોપાલભાઇ રહે છે. બહેન હીરલબેન સાસરે છે. ગુરૂવારે હું તથા મારા પત્નિ જયોતીઅને મારી દીકરી ધ્રુવીકા તથા દિકરો પ્રીયાંક એમ બધા મારા સસરા



જીગ્નેશભાઇ બારૈયાના ઘરે ભીમ અગીયારસનો તહેવાર હોવાથી ગયા હતાં. રાતે નવેક વાગ્યાના સમયે મારા મિત્ર ગનીભાઇએ ફોન કરી કહ્યું હતું કે-અનીલ પરમારના ઘરની પાસે તારા ભાઇ ગોપાલને પેટના ભાગે છરી વાગેલ છે તું જલ્દીથી આવ. જેથી હું એકટીવા લઇને અનીલના ઘરે ગયો હતો.

જયાં અનીલ કે તેના પરીવારના સભ્યો હાજર હતા નહીં. અહી મારો મિત્ર ગની તથા અમારા ભાગીદાર ભરતભાઇ તથા રોનક હતાં. મારો ભાઇ ગોપાલ એક્ટીવા પાસે અર્ધબેભાન હાલતમાં બેઠેલો દેખાયો હતો. તેમજ નજીકમાં મારા કાકા વિજયભાઇ નાથાભાઇ જાદવ પણ ઇજાગ્રસ્ત હાલતમાં જોવામ ળ્યા હતાં. કાકા ભાનમાં હોઇ તેને બનાવ અંગે પુછતાં કહ્યું હતું કે કે અનીલ અગાઉ આપણે ત્યાં ફોટોફ્રેમનું કામ કરતો હતો અને કામ શીખીને હવે પોતાનો અલગ ધંધો ચાલુ કરી દીધો છે તેમજ આપણા ગ્રાહકોને ફોન કરીને, રૂબરૂ મળીને આપણાથી નીચા ભાવે ફોટોફ્રેમનું કામ કરે છે. જેથી ગોપાલે તેને આવુ નહિ કરવા ઠપકો દીધો હતો. આ કારણે અનિલ જ્યારે પણ ગોપાલને મળે ત્યારે ગાળો બોલતો હતો અને વારંવાર ઝઘડા કરતો હતો.

આથી આ માથાકુટનું સમાધાન કરવા હું અને ગોપાલ અનિલના ઘરે ગયા હતાં. આ વખતે અનિલ, તેનો ભાઇ સુનિલ, તેના પિતા રમેશભાઇ પરમાર, માતા હંસાબેન, અનિલના કાકા ભરતભાઇ સહિતના હાજર હતાં. અનિલને સમજાવવા મેં વાતચીત કરી હતી કે તું અને ગોપાલ ફોટોફ્રેમના ધંધાને કારણે વારંવાર ઝઘડા કેમ કરો છો? આ સાંભળતા જ સુનિલ ઉશ્કેરાઇ ગયો હતો અને મને ગાળો દેવા માંડ્યો હતો. મેં તેને ગાળો બોલવાની ના પાડતાં સુનિલે નેફામાંથી છરી કાઢી હુમલો કરતાં મારા પેટમાં નાભી પાસે ઘા લાગી જતાં હું નીચે પડી ગયો હતો. એ પછી રમેશભાઇ અને ભરતભાઇએ મને ઢીકાપાટુ માર્યા હતાં અને હંસાબેને પણ ગાળો દીધી હતી આને મારો-મારો એવી બૂમો પાડતાં હતાં. આ વખતે ભત્રીજો ગોપાલ વચ્ચે પડતાં ભરતભાઇ અને રમેશભાઇએ તેને પકડી લીધો હતો.

ત્યારે અનિલે-ગોપાલ તને જાનથી મારી નાંખવો છે, ફોટોફ્રેમના ધંધામાં તું અમને આગળ વધવા દેતો નથી તેમ કહી છરી કાઢી તેણે ગોપાલના પેટમાં ઘા મારી દીધો હતો. તે પણ પડી ગયો હતો અને તેણે ભાગીદાર ભરતભાઇને તુરત ફોન કરી દીધો હતો. આ વિગતો મને મારા કાકા વિજયભાઇએ જણાવી હતી. તેમ વધુમાં રાહુલે કહ્યું હતું. રાહુલે ફરિયાદમાં આગળ જણાવ્યું છે કે મારા ભાઇ ગોપાલ અને કાકા વિજયભાઇને પેટના ભાગે ગંભીર ઇજા થઇ હોઇ ટુવ્હીલર મારફત અમે તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. કાકાને દાખલ કરાયા હતાં અને મારા ભાઇ ગોપાલને પેટમાં ગંભીર ઇજા પહોંચી હોઇ તાત્કાલીક ઓપરેશન માટે લઇ જવાયો હતો.

સિવિલ હોસ્પિટલ ચોકી મારફત ઘટનાની જાણ થતાં થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઇ શક્તિસિંહ પી. સોઢાની રાહબરીમાં પીએસઆઇ બી. આર. સાવલીયા, રાઇટરો ભરતભાઇ, દિવ્યરાજસિંહ સહિતે રાહુલ જાદવની ફરિયાદ પરથી રાયોટીંગ, હત્યાની કોશિષનો ગુનો દાખલ કર્યો હતો. સામા પક્ષે હુમલાખોર અનિલ, સુનિલના પિતા ચોપન વર્ષના રમેશભાઇ નાનજીભાઇ પરમાર અને કાકા આડત્રીસ વર્ષના ભરતભાઇ નાનજીભાઇ પરમાર પણ પોતાના પર ગોપાલ જાદવ, વિજય જાદવ, રાહુલ જાદવ સહિતે તિક્ષ્ણ હથીયારથી હુમલો કર્યાની ફરિયાદ સાથે સિવિલ હોસ્પિટલમાં દાખલ થતાં આ બંનેના હત્યાની કોશિષના આરોપીઓમાં નામ હોઇ તેના પર પોલીસ પહેરો ગોઠવી દેવાયો હતો. ફોટોફ્રેમના ધંધાના ખારમાં સશસ્ત્ર અથડામણ, હત્યાના પ્રયાસના આ બનાવે વિસ્તારમાં ચર્ચા જગાવી દીધી હતી.

# પત્નિ માવતરેથી પરત ન આવતાં યુવાને એસિડ પીધું

### ગૂમ દિકરીનો પત્તો ન મળતાં પિતાએ ઝેર પીધું

રાજકોટઃ તા.૨૬

આપઘાતના પ્રયાસના બે બનાવ સામે આવ્યા હતાં. વાંકાનેરના અગાભી પીપળીયા ગામે રહેતાં ત્રેવીસ વર્ષના હરેશ પ્રવિણભાઇ ઉકેડીયા નામના યુવાને રાતે અગીયારેક વાગ્યે એસિડ પી લેતાં સારવાર માટે વાંકાનેર અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે વાંકાનેર તાલુકા પોલીસને જાણ કરી હતી. હરેશ ચાર બેહનનો એકનો એક નાનો ભાઇ છે અને રિક્ષા હંકારી પરિવારનું ગુજરાન ચલાવે છે. સંતાનમાં એક દિકરી છે. હરેરના પત્નિ ડીમ્પલબેન પતિ-પત્નિ વચ્ચે બોલાચાલી થતાં અઠવાડીયાથી રાજાવડલા ગામે માવતરે જતી રહી હોઇ ગઇકાલે હરેશ ભીમ અગીયારસ હોઇ તેણીને તેડવા ગયો હતો. પણ ત્યાં ફરીથી બોલાચાલી થતાં તેને માઠુ લાગી જતાં પરત પોતાની ઘરે આવ્યા બાદ રાતે એસિડ પી લીધું હતું. પોલીસે નિવેદન નોંધવા તજવીજ કરી હતી.

બીજા બનાવમાં જસદણમાં જી. કે. ડાયમંડ નજીક રહેતાં સંજયભાઇ કડવાભાઇ વડોદરા નામના પિસ્તાલીસ વર્ષના આધેડ રાતે દસેક વાગ્યે ઘરે ઝેરી દવા પી જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. સંજયભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટા છે અને છુટક કામ કરે છે.

તેમને સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. સગાના કહેવા મુજબ એક સગીર વયની દિકરી બે મહિના પહેલા ગૂમ થઇ ગઇ છે જેનો હજુ સુધી પત્તો નથી. દિકરી કંપનીમાં કામે જતી હોઇ ત્યાં જ સાથે કામ કરતો શખ્સ ભગાડી ગયાની બાદમાં તેમને જાણ થતાં પોલીસને જાણ કરી હતી. બે મહિના પછી પણ દિકરીનો પત્તો ન મળતાં તેમણે દુઃખી થઇ આ પગલુ ભર્યુ હતું. તેમ વધુમાં સગાએ જણાવતાં પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી.

### અત્ર તત્ર સર્વત્ર લેભાગુ એજન્ટોના અડ્ડાઃ વધુ એક યુવાન બન્યો શિકાર

# વિદેશ જવા લોન લીધીઃ ૨૬ લાખ ચાઉં

### કહેવાતા એજન્ટે ત્રીસ હજારમાં વર્ક પરમીટ વિઝાની ખાત્રી આપીઃ પણ છેલ્લે ઠેંગો બતાવી દીધોઃ બીજી ઘટનામાં યુવતિને બે મહિલાએ નોકરી અપાવવાના નામે લગાવી દીધો ચૂનો

રાજકોટઃ તા.૨૬

વિદેશના વર્ક પરમીટ વિઝા મેળવવાની લ્હાયમાં અનેક લોકો લાખો કરોડો ગુમાવી ચુક્યા છે. આ પ્રકારની ગઠીયાગીરી કરનારા એજન્ટો પોલીસથી ડરતાં જ નથી. લોકો પણ પુરતી તપાસ કર્યા વગર કહેવાતા એજન્ટો સામે નાણા ધરી દેતાં હોય છે એટલે આવા ગઠીયાઓને પણ સરળતા થઇ ગઇ છે. વધુ એક કિસ્સામાં કેનેડાના વર્ક પરમીટના નામે યુવાનને છવ્વીસ લાખનો ચૂનો લગાવાયો છે. ચોંકાવનારી વાત એ છે કે આ યુવાને વિદેશ જવાના વિઝા મેળવવા પોતાનું ઘર ગીરવે મુકી લાખોની લોન લીધી હતી. બીજી એક ઘટનામાં નોકરીની લાલચ આપી યુવતિ પાસેથી બે મહિલાએ નાણા ખંખેરી લીધા હતાં.

પ્રથમ ઘટના જોઇએ તો કેનેડાના વર્ક પરમિટના વિઝા અપાવવાના બહાને ગાંધીનગરના યુવક સાથે રૂ. ૨૬.૮૬ લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં નોંધાતાં તપાસ શરૂ થઇ છે. યુવકે થલતેજમાં આવેલી ગ્રોવિંગ ગ્લોબ ઈમીગ્રેશનનો સંપર્ક કર્યો હતો. ડાયરેક્ટર સહિતના લોકોએ વિવિધ ફી પેટે ત્રીસ લાખનો ખર્ચ જણાવતા યુવકે ઘર ગિરવે મૂકીને લોન કરાવીને લાખો રૂપિયા ખર્ચ્યા હતા. પરંતુ આરોપીઓએ વિઝાનું કામ ન કરી આપીને છેતરપિંડી આચરતા યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર લોકો સામે એફઆઇઆર દાખલ કરી હતી. મળતી માહિતી મુજબ મુળ મહેસાણાનો તેત્રીસ વર્ષીય યુવક જીગર પટેલ ગાંધીનગરમાં રહે છે અને ખાનગી નોકરી કરે છે.

તેણે બીએસસી ઇન મલ્ટીમિડીયાનો કોર્સ કર્યો હોવાથી ઉજ્જવળ ભવિષ્ય માટે વિદેશ જવાનું નક્કી કર્યું હતું. બે વર્ષ પહેલા સોશિયલ મીડિયામાં ગ્રોવિંગ ગ્લોબ ઈમીગ્રેશનની જાહેરાત જોઇને થલતેજમાં આવેલા શક્તિ એક્ષટોળ કોમ્પલેક્ષની ઓફિસે ગયો હતો. જ્યાં દર્શન પંચાલ અને હર્ષ મિસ્ત્રી નામના કર્મચારી સાથે કેનેડાના વર્ક પરમિટ વિઝા બાબતે વાત કરતા ત્રીસ લાખ અને દસહજાર કેનેડિયન ડોલર ખર્ચ જણાવ્યો હતો. છ મહિનામાં વર્ક પરમિટ વિઝા મળી જશે તેવી વાત કરી હતી. આરોપીઓએ યુવક પાસે રજીસ્ટ્રેશન ફી પેટે ૫૬ હજાર મેળવી લીધા હતા. જે બાદ યુવકે આઇઇએલટીએસની પરીક્ષાની તૈયારી કરવાનું કહ્યું હતું જે બાદ પરીક્ષા આપીને છ બેન્ડ મેળવ્યા હતા. આરોપીઓએ એલ.એમ.આઇ.એ લેટર આપ્યો હતો.




પરંતુ તેની સમય મર્યાદા પુર્ણ કરવાના ઈરાદે વિઝા ફાઇલ જમા ન કરાવીને વિઝા મંજુર થઇ ગયાનું કહીને પેમેન્ટ માંગ્યું હતું. યુવકે ઘર ગિરવે મૂકીને ૨૦ લાખની લોન કરાવીને નાણાં ભર્યા હતા. જો વિઝાનું પેમેન્ટ નહીં થાય તો તમને પૈસા પરત મળી જશે એવી પણ વાત કરી હતી. અવારનવાર પૈસા પરત માંગવામાં આવ્યા હતા. પૈસા ભર્યા બાદ પણ પીઆર લેટર ન આપીને વર્ક પરમિટ ન કરી આપીને આરોપીઓએ છેતરપિંડી આચરી હતી. જેથી ભોગ બનનાર યુવકે બોડકદેવ પોલીસસ્ટેશનમાં ગ્રોવિંગ ગ્લોબ ઈમીગ્રેશનના ડાયરેક્ટર જીનલ પંચાલ અને દર્શન પંચાલ તથા હર્ષ મિસ્ત્રી, ભાર્ગવ પંચાલ વિરૂદ્ધ છવ્વીસ લાખ છ્યાંસી હજારની ઠગાઇની ફરિયાદ કરી હતી.

છેતરપીંડીના બીજા બનાવમાં અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડના કેસો વધી રહ્યાં છે ત્યારે વધુ એક યુવતી સાયબર ઠગોનો શિકારી બની છે. અમરેલીમાં ખાનગી કંપનીના ઇન્શ્યોરન્સમાં પોલિસી લેવાથી મેડિકલ સુવિધા તેમજ પરિવારના એક સભ્યને કોલર તરીકે ખાનગી નોકરી અપાવવાની લાલચ આપી રૂ.૪૧,૫૦૦ની ઠગાઈ કરાઈ હોવાની ફરિયાદ નોંધાઇ હતી. અમરેલી સીટી પોલીસ લાઇન ખાતે રહેતા અને નોકરી કરતા દયાબેન બાબુભાઈ ચાવડા નામના સત્યાવીસ વર્ષના યુવાનએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે ગઈ માનસીબેન પાલડીયા અને રશ્મિતાબેન ડોબરીયાએ અમરેલીના જેસીંગપરા લોહાણા મહાજન સમાજની વાડી તથા દયાબેનના રહેણાંક સ્થળે મળી પીએનબી મેટલાઈફ ઇન્શ્યોરન્સની પોલિસી લેવાથી મેડિકલ લાભ મળશે તેમજ પરિવારના એક સભ્યને કોલર તરીકે ખાનગી નોકરી મળશે તેવી ખાતરી આપી હતી.

આ પછી બંને મહિલાએ દયાબેન પાસેથી પ્રથમ ૫,૫૦૦ અને બાદમાં રૂપિયા ૩૬,૦૦૦ એમ કુલ ૪૧,૫૦૦ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ ઇન્શ્યોરન્સ પોલિસી આપવામાં આવી હોવા છતાં પરિવારના કોઈ સભ્યને નોકરી આપવામાં આવી ન હતી. જેથી પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા તેણીએ પોલીસનો આશરો લીધો હતો. આ મામલે પોલીસે ફરિયાદના આધારે માનસીબેન પાલડીયા અને રશ્મિતાબેન ડોબરીયા વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### વધુ એક રહસ્ય સર્જતી ઉંડી તપાસ માંગી લેતી ઘટનાઃ મવડીના પરિવારમાં અરેરાટી

# ગુમ યુવાનની ભેદી સંજોગોમાં મળી લાશ

### પિતાએ પોલીસને કહ્યું અમારા દિકરાનું પર્સ, મોબાઇલ તેની સાથે કામ કરતાં બિહારી શખ્સ પાસે ક્યાંથી આવ્યા તેની તપાસ કરોઃ પોલીસને પ્રાથમિક તપાસમાં આકસ્મિક ઘટના લાગીઃ પણ પિતાએ શંકા દાખવતાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાયું

રાજકોટઃ તા.૨૬

રહસ્ય જગાવતી અપમૃત્યુની વધુ એક ઘટનાએ પોલીસને ધંધે લગાડી હતી. રાજકોટના મવડીના ક્રિષ્ના પાર્કમાં રહેતો પ્રજાપતિ યુવાન બુધવારે સવારે ઘરેથી લોધીકાના રાવકી ગામે કંપનીમાં કામે જવાનું કહીને નીકળ્યા બાદ મોડી સાંજ સુધી પાછો ન આવતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી.

બીજા દિવસે બપોર બાદ તેન રાવકીમાં આવેલી પાણીની ખાણમાંથી ફુલાયેલી કોહવાયેલી લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. મૃતકના પિતાએ આ મૃત્યુ અંગે શંકા દાખવી તેમજ મૃતક સાથે કામ કરતાં બિહારી યુવાનની વર્તુણક શંકાસ્પદ જણાવતાં પોલીસ સમક્ષ ઉંડી તપાસની માંગણી કરતાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવાયું હતું.

વિગતો પર મવડી ક્રિષ્ના પાર્ક-૪ બ્લોક નં. ૫માં રહેતો પચ્ચીસ વર્ષની ઉમર ધરાવતો વાટલીયા પ્રજાપતિ યુવાન ચેતન શશીકાંતભાઇ દેવગાણીયા બુધવારે સવારે લોધીકાના રાવકી ગામે કંપનીમાં કામે જવાનું કહીને નીકળ્યા બાદ ગૂમ થયો હતો. ગઇકાલે તેની લાશ કંપની નજીક આવેલી ખાણમાંથી મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ થતાં લોધીકા પોલીસે પંચનામુ કરી કોહવાયેલા, ફુલાઇ ગયેલા ચેતનના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડ્યો હતો. મૃત્યુ પામનાર ચેતન વૃધ્ધ માતા-પિતાનો એકનો એક દિકરો હતો. તે અપરિણીત હતો.

પિતા શશીકાંતભાઇ દેવગાણીયાએ કહ્યું હતું કે મારો દિકરો છએક મહિનાથી રાવકીની કોઇ કંપનીમાં વીએમસી ઓપરેટર તરીકે નોકરીએ જતો હતો. તે રાજકોટથી રિક્ષામાં અપડાઉન કરતો હતો. બુધવારે સવારે તે ઘરેથી નોકરીએ જવાનું કહીને નીકળ્યો હતો. મોડી સાંજ સુધી તે ઘરે ન આવતાં અને તેનો ફોન જોડતાં ફોન પણ લાગતો નહોતો. મોડી રાત સુધી અમે ફોન જોડવાનું ચાલુ રાખ્યું હતું પણ ફોન બંધ આવતો હોઇ તે કદાચ કામ માટે રોકાઇ ગયો હશે અથવા સુઇ ગયો હશે તેમ માની લીધુ હતું.

આ ઘટનાની વિગતો જણાવતાં મૃતકના પિતા શશીકાંતભાઇએ વધુમાં જણાવ્યું કે ગુરૂવારે બપોર બાદ મેં ફરીથી ફોન જોડતાં લાગ્યો હતો અને એ ફોન ચેતનના શેઠે ઉપાડ્યો હતો. તેણે અમને રાવકી આવવા કહ્યું હતું. અમે ત્યાં પહોંચ્યા હતાં અને ચેતન વિશે પુછતાં તેણે ચેતનનો ફોન અને પર્સ અમને આપ્યા હતાં. આ તેમની પાસે ક્યાંથી આવ્યા પુછતાં તેમણે બીહારી કર્મચારી રાહુલે આપ્યાનું કહ્યું હતું અને રાહુલને ત્યાં જ બેસાડી રાખ્યો હોઇ અમે તેને પુછતાં તેણે પોતાને કંપની નજીકની ખાણ પાસેથી ચીજવસ્તુ મળી હોવાનું કહ્યું હતું.

આથી અમે તેને જગ્યા બતાવવા સાથે લઇ ગયા હતા. ત્યારે ખાણમાં પાણીમાં માત્ર માથુ દેખાતુ હોઇ મેં ખેંચીને બહાર કાઢતાં તે મારા દિકરાની લાશ હતી. આ લાશ જોતાં જ રાહુલ ભૈયા દોટ મુકીને ભાગી જતાં અમને શંકા ઉપજતાં પોલીસને જાણ કરી હતી. રાહુલે ભૈયો મારા દિકરા ચેતન સાથે જ કામ કરતો હતો. દિકરો અકસ્માતે પડી ગયો કે બીજુ કંઇ બન્યું? તે અંગે અમને શંકા છે. અમારો દિકરો ન્હાવા ગયો કે અકસ્માતે પડી ગયો હોય તો તેના ફોન-પર્સ બિહારી શખ્સ રાહુલ પાસે ક્યાંથી આવ્યા? તેની તપાસ કરવા અમે પોલીસને રજૂઆત કરી છે. તેમ વધુમાં શશીકાંતભાઇએ જણાવ્યું હતું. પોલીસે મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું છે. બીજી તરફ પ્રાથમિક તપાસમાં રાહુલ લપસી પડ્યાની માહિતી પોલીસને મળી હોઇ વધુ તપાસ થઇ રહી છે. એકના એક દિકરાના ભેદી મોતથી મવડી ક્રિષ્ના પાર્કના પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. જો કે પોલીસની પ્રાથમિક તપાસમાં ઘટના આકસ્મિક હોવાની વિગતો સામે આવી હતી. પરંતુ ખરેખર શું બન્યું? તે અંગે મૃતકના પરિવારજનો શંકા દાખવી તપાસની માંગણી કરી રહ્યા હોઇ પોલીસે તપાસ યથાવત રાખી હતી.

# આંતરરાષ્ટ્રીય નશા વિરોધી દિવસ નિમીતે શહેર પોલીસે યોજી મેરેથોન

### યુવાધન માટે સૌથી મોટો પડકાર ડ્રગ્સનું દુષણ હોવાનું ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવી શહેરીજનોને આ દૂષણ સામે જાગૃત થવા અનુરોધ કર્યો

રાજકોટઃ તા.૨૬

વિશ્વભરમાં ડ્રગ્સનું દુષણ ખુબ વધી ગયું છે. રાજકોટ શહેરમાં અને સૌરાષ્ટ્રમાં પણ દારૂની સાથે સાથે માદક પદાર્થના બંધાણીઓ વધી ગયા છે. દરમિયાન શુક્રવારે છવ્વીસમી જૂન એટલે કે ઇન્ટરનેશનલ ડે અગેન્સ્ટ ડ્રગ અબ્યુઝ એન્ડ ઇલિસિટ ટ્રાફિકિંગ-આંતરરાષ્ટ્રીય નશા વિરોધી દિવસ નિમિત્તે રાજકોટ શહેર પોલીસ દ્વારા એક વિશેષ ડ્રગ્સ વિરોધી મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરેથોન રેસકોર્સ રિંગ રોડ પર યોજાઈ હતી. શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા અને જોઇન્ટ પોલીસ કમિશનર ચૈતન્ય મંડલિકના સીધા માર્ગદર્શન હેઠળ આ દોડનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. સવારે મેરેથોન દોડની શરૂઆત પહેલાં ઉપસ્થિત તમામ રનર્સ અને પોલીસ કર્મચારીઓએ નશા મુક્ત રહેવાના સામુહિક શપથ લીધા હતા. બાદમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા લીલી ઝંડી આપીને મેરેથોનને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે આ મેરેથોનનું આયોજન નશીલા પદાર્થોની હેરાફેરી, વ્યસન સામે લોકોમાં જાગૃતિ લાવવા માટે




કરવામાં આવ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે-હાલના સમયમાં ડ્રગ્નું દૂષણ સતત વધી રહ્યું છે. હાલના સમયમાં યુવાધન છે તે આપણી પાસે સૌથી મોટી સંપત્તિ છે. પરંતુ આ યુવાધન માટે અત્યારે સૌથી મોટા પડકારોમાંથી એક પડકાર ડ્રગ એબ્યુઝ એટલે કે નશાખોરી છે. ડીસીપી જગદીશ બાંગરવાએ તમામ રાજકોટ શહેરવાસીઓને અપીલ કરી છે કે તેઓ ડ્રગ્સના આ દૂષણ સામે જાગૃત બને. આ દોડમાં મોટી સંખ્યામાં પોલીસ જવાનો અને સ્થાનિક નાગરિકાએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ડ્રગ્સથી દુર રહેવાના સોગંધ લીધા હતાં.

## આરોગ્ય વિભાગ બાદ સાંસ્કૃતિક વિભાગ વિરોધના વંટોળમાં

# જંગલેશ્વર ડિમોલિશન દરમિયાન

# ૧૨.૫૦ લાખનું પાણી ઢીચાયું

### યોગ્ય અને તટસ્થ તપાસની ઉઠી માંગ : રેટ કોન્ટ્રાક્ટ મુજબ જ પાણી ખરીદાયુ


ARADHANA TEA (PATNERSHIP)
TAX INVOICE
RAJKOT MUNICIPAL CORPORATION
No: RMC/07/01/03/2026 Approved Date: 18-05-2026
રાજકોટ મહાનગરપાલિકા
સાંસ્કૃતિક વિકાસ વિભાગ

### માત્ર મિનરલ વોટર જ નહીં પરંતુ મંડપ સર્વિસ માટે પણ ૬.૭૦ લાખનું બિલ સામે આવ્યું છે. આ બંને કામગીરીનો કોન્ટ્રાક્ટ ‘ઉમિયા મંડપ સર્વિસ’ને અપાયો’તો

રાજકોટ, તા. ૨૬

રાજકોટ મહાનગરપાલિકાની કામગીરીને લઈને અગાઉ પણ ઘણા ખરા પ્રશ્નો ઉભા થયેલા છે. ત્યારે જંગલેશ્વર ડિમોલિશનમાં ખાણીપીણીના ૨૭ લાખના બિલ નો વિવાદ હજી શાંત થયો નથી ત્યાં પીવાના પાણીનો વિવાદ વકરીઓ છે અને કામગીરી દરમિયાન ૧૨:૩૦ લાખથી વધુનું પાણી પીવાય ગયું હોવાનો ઘટસ્ફોટ થયો છે. સંબંધિત વિભાગના અધિકારીઓ હજુ સુધી કોઈ નક્કર કારણ આપી શક્યા નથી. પરંતુ મહત્વની વાત તો એ છે કે અધિકારીઓની મિલી ભગતના કારણે હાલ આ રકમ કોણ ચૂકવશે તે જોવાનું રહ્યું એટલું જ નહીં કેમ સંબંધિત વિભાગના અધિકારીઓએ અને વિભાગે પાણી નું બિલ સ્ટેન્ડિંગ કમિટીમાં રજુ ન કર્યું. મહાનગરપાલિકા આ બાબતે શું પગલાં લેશે તે હવે જોવાનું રહ્યું.

રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં થયેલ ડિમોલિશન કામગીરી હવે ખર્ચના મુદ્દે ભારે ચર્ચામાં આવી છે. કાર્યવાહી દરમિયાન મિનરલ વોટર માટે અંદાજે ₹૧૨.૪૦ લાખનો ખર્ચ દર્શાવવામાં આવ્યો છે, જે સાંભળતા જ લોકોમાં આશ્ચર્ય ફેલાયું છે. સામાન્ય કામગીરી દરમિયાન આવા મોટા વોટર બિલને લઈને અનેક સવાલો ઊભા થયા છે. શહેરમાં આ ખર્ચને લઈને પારદર્શિતા અંગે ચર્ચા તેજ બની છે. માત્ર મિનરલ વોટર જ નહીં પરંતુ મંડપ સર્વિસ માટે પણ ₹૬.૭૦ લાખનું બિલ સામે આવ્યું છે. આ બંને કામગીરીનો કોન્ટ્રાક્ટ ‘ઉમિયા મંડપ સર્વિસ’ને આપવામાં આવ્યો હતો. ડિમોલિશન જેવી કામગીરીમાં મંડપ અને અન્ય વ્યવસ્થાઓ પાછળ થયેલા ખર્ચને લઈને હવે કોન્ટ્રાક્ટ પ્રક્રિયા પર પણ સવાલ ઉઠી રહ્યા છે. લોકો પૂછે છે કે શું આ ખર્ચ જરૂરી હતો કે નહીં. આ બિલો હજુ સુધી સ્ટેન્ડિંગ કમિટી અથવા જનપ્રતિનિધિઓ સમક્ષ સત્તાવાર રીતે રજૂ થયા નથી. નિયમ મુજબ આવા મોટા ખર્ચ માટે મંજૂરી જરૂરી હોય છે, છતાં પ્રક્રિયા અનુસરાઈ છે કે નહીં તે અંગે શંકા ઉભી થઈ છે. હવે મહત્વનો મુદ્દો એ છે કે આ બિલો સીધા પાસ થશે કે પછી સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી માટે રજૂ કરવામાં આવશે. સમગ્ર મામલે આગામી દિવસોમાં વધુ ખુલાસાની શક્યતા છે.

રાજકોટ શહેરમાં જંગલેશ્વર ડિમોલેશન દરમિયાન થયેલા ખર્ચને લઈને વધુ એક નવો ખુલાસો સામે આવ્યો છે. અગાઉ ભોજન, નાસ્તા, ચા અને લીંબુ પાણી પાછળ આશરે ₹૨૭.૨૦ લાખનો ખર્ચ નોંધાયા બાદ હવે મિનરલ વોટરના ખર્ચ અંગે પણ સવાલો ઉભા થયા છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજકોટ મહાનગરપાલિકાએ ડિમોલેશન કામગીરી દરમિયાન મિનરલ વોટર પાછળ કુલ ₹૧૨.૪૦ લાખનો ખર્ચ કર્યો હતો. સામાન્ય રીતે ૫રૂ.માં ૨૦૦ ખક મિનરલ પાણીની બોટલ મળતી હોઈ છે. તે અનુસાર ૧૨.૪૦ લાખ રૂપિયા લેખે ૨,૪૦,૦૦૦ જેટલી બોટલો ૫રૂ. ના ભાવે મનપાએ મંગાવી હશે કે કેમ? તેને લઈને સવાલો ઉઠી રહ્યા છે. હજુ માત્ર ચા, પાણી, નાસ્તા અને ભોજન, મંડપ સહિતનાનો ખર્ચ અડધો કરોડ પહોંચ્યો છે. હજુ ડિમોલિશન પાછળ જેસીબી, ટ્રેક્ટર, મજૂરો સહિતનાં પાછળ થયેલ ખર્ચની રકમ કરોડોમાં ઉધારવામાં આવે તેવી શક્યતાઓ જોવામાં આવી રહી છે. ચર્ચાસ્પદ બાબત એ છે કે, મનપા દ્વારા રજૂ કરાયેલા બિલમાં માત્ર તારીખ અને તેની સામે ખર્ચની રકમ દર્શાવવામાં આવી છે. કયા દિવસે કેટલી મિનરલ વોટરની બોટલો ખરીદવામાં આવી, કેટલા કર્મચારીઓ માટે તેનો ઉપયોગ થયો અને કુલ જથ્થો કેટલો હતો તે અંગેની કોઈ વિગત જાહેર કરવામાં આવી નથી. પરિણામે ખર્ચની પારદર્શિતાને લઈને અનેક સવાલો ઊભા થયા છે.બીજી તરફ રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે આક્ષેપોને નકારી કાઢ્યા છે. આરોગ્ય અધિકારીએ જણાવ્યું કે ડિમોલિશન દરમિયાન ત્રણ દિવસ સુધી વિવિધ વિભાગોના અંદાજે ૪,૮૦૦થી વધુ કર્મચારીઓ સ્થળ પર ફરજ બજાવી રહ્યા હતા, જેમના માટે ચા-નાસ્તા અને જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી. અધિકારીએ સ્પષ્ટતા કરી કે કોઈ પણ પ્રકારનું વિશેષ અથવા વૈભવી ભોજન મંગાવવામાં આવ્યું નહોતું અને સોશિયલ મીડિયામાં ચાલી રહેલા કેટલાક દાવા હકીકતથી દૂર છે.

### પાણીની વ્યવસ્થા મંડપ સર્વિસને કેમ સોપાય ?

મળતી માહિતી અનુસાર ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩થી મિનરલ વોટર સપ્લાયનો કોન્ટ્રાક્ટ ઉમિયાજી મંડપ સર્વિસ એન્ડ ડેકોરેશનને આપવામાં આવ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, રાજકોટ શહેરમાં મિનરલ વોટરનું ઉત્પાદન કરતી અનેક કંપનીઓ ઉપલબ્ધ હોવા છતાં મહાનગરપાલિકા દ્વારા મંડપ સર્વિસ અને ડેકોરેશનના વ્યવસાય સાથે સંકળાયેલી એજન્સી પાસેથી મિનરલ વોટરની ખરીદી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

### રેટ કોન્ટ્રાક્ટ આધારિત બિલ મુકાયું: કૌશિક ઉનાવા

સાંસ્કૃતિક વિભાગના મેનેજર કૌશિક ઉનાવાએ માહિતી આપતા જણાવ્યું હતું કે જે રીતે પાણી પીવાતું હતું અને જેટલી બોટલની ખપત હતી તે પ્રમાણે રેડ કોન્ટ્રાક્ટ આધારિત બિલ મૂકવામાં આવ્યું છે પરંતુ તેમના દ્વારા કોઈ યોગ્ય સ્પષ્ટતા કરવામાં આવી ન હતી. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, સ્થળ પર ૪૦૦૦થી ૪૫૦૦ જેટલા અધિકારીઓ કામ કરતા હોય છે. કર્મચારીઓ અને લેબર ફરજ બજાવતા હતા. પ્રતિ દિવસ ૧૦થી ૧૨ બોટલ પાણી પીવાતું હતું. જેટલી બોટલ પીવાઈ હતી તે મુજબનું રેટ કોન્ટ્રાક્ટ આધારિત બિલ મૂકાયું છે. છૂટક ૫રૂ.માં મળતી પાણીની બોટલ રેટ કોન્ટ્રાક્ટ મુજબ ૮રૂ.માં કોર્પોરેશન ખરીદ કરે છે. ૨૦૨૩ના ઓગસ્ટ મહિનામાં ઉમિયા મંડપ સર્વિસને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. બે વર્ષ માટે મિનરલ વોટરનો સપ્લાયનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. ૨૦૨૩ ઓગસ્ટ મહિનામાં ૨૦૦ ખહ મિનરલ વોટરની બોટલ ૫રૂ ભાવ હતો. ૨૦૨૬ જૂન મહિનામાં ૨૦૦ખક મિનરલ બોટલની બોટલનો ભાવ ₹૫ છે. નોંધનીય છે કે, રેટ કોન્ટ્રાક્ટમાં ડિસ્કાઉન્ટ મળવાની જગ્યાએ વધારે રૂપિયા ચૂકવ્યા હોવાનું સામે આવ્યું છે. આખરે બે વર્ષમાં ઉમિયા મંડપ સર્વિસને કોના આશીર્વાદથી બજારભાવ કરતા વધુ રૂપિયા કોર્પોરેશન ચૂકવતી હતી તે જોવું રહ્યું.

### સાંસ્કૃતિક વિભાગ એ કેમ સ્ટેન્ડિંગમાં દરખાસ્ત ન મૂકી?

આ આખી ગોઠવણમાં વહીવટી ચતુરાઈ વાપરવામાં આવી છે. ચા-પાણી, નાસ્તો અને જમવાની વ્યવસ્થા આરોગ્ય શાખા હસ્તક હતી, જેથી તેનું ૨૭ લાખનું બિલ વહેલું દરખાસ્તમાં આવી ગયું. જ્યારે મિનરલ વોટર અને મંડપ સર્વિસની જવાબદારી સાંસ્કૃતિક વિભાગની હતી. સાંસ્કૃતિક વિભાગે હજુ સુધી આ દરખાસ્ત કમિટી સમક્ષ મૂકી નથી. હવે જોવાનું એ રહેશે કે ઉમિયા મંડપ સર્વિસ મનપાની નિયત એજન્સી હોવાથી આ બિલ બારોબાર પાસ કરી દેવાય છે કે પછી તેને પણ મંજૂરી માટે સ્ટેન્ડિંગ કમિટીમાં લાવવામાં આવશે.

### ડિમોલિશન બાદ યોજાયેલી પત્રકાર પરિષદમાં પત્રકારો માટે કાજુકતરી મંગાવાઈ’તી

રાજકોટ મહાનગરપાલિકામાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે ચર્ચા જગાવનારા કાજુકતરીના બિલના વિવાદ મામલે આરોગ્ય અધિકારી ડો. જયેશ વાકાણીએ દિવ્ય ભાસ્કર સમક્ષ એકદમ વિગતવાર અને મુદ્દાસર સ્પષ્ટતા કરી હતી. ડો. વાંકાણીએ જણાવ્યું હતું કે, શહેરમાં મનપા દ્વારા હાથ ધરવામાં આવેલી એક મોટી ડિમોલિશનની પ્રક્રિયા દરમિયાન વિવિધ વિભાગોના કર્મચારીઓ અને ઉચ્ચ અધિકારીઓ સતત ગ્રાઉન્ડ ઝીરો પર ફરજ બજાવી રહ્યા હતા.

### સંબંધિત વિભાગના અધિકારીઓ ન ગોળ ગોળ જવાબ

# ફાયર સેફટી વગરના ક્લાસીસની સ્થિતિ કફોડી


### મ્યુનિસિપલ કમિશનરનો સ્પષ્ટ આદેશ જે કોચિંગ ક્લાસ પાસે ફાયર સેફટી અથવા એનઓસી નહીં હોય તે તમામને સીલ થશે

રાજકોટ, તા. ૨૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અગાઉ અગાઉ અનેકવિધ કામગીરીઓ હાથ ધરવામાં આવતી હોય છે પરંતુ ઘણા ખરા વિભાગો દ્વારા જે પગલાં લેવાય છે તે ક્યાંક ને ક્યાંક લોકોને હેરાનગતિ થતી હોય તે પ્રકારના હોવાનું માલુમ પડે છે હાલ વિવિધ જગ્યા પર આગની ઘટના જે સામે આવી છે અને તેમાં મોત લોકોના નીપજે છે તે સ્થિતિને ધ્યાને લઈ હાલ મહાનગરપાલિકા પણ સંબંધિત ક્ષેત્રના વેપારીઓ પર તપાસની ઘોષ બોલાવે છે. મળતી માહિતી મુજબ અગાઉ જે લખનવમાં આગ લાગી અને વિદ્યાર્થીઓના મોત નીપજયા ત્યારબાદ રાજકોટ ફાયર વિભાગ દ્વારા કોચિંગ ક્લાસમાં નોટિસ ફટકારવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ અગાઉ જ્યારે ટીઆરપી અગ્નિકાંડ થયો તે સમયે વિવિધ સંચાલકોને નોટીશ ફટકારવામાં આવી હતી તે તમામને ફરી વખત નોટિસો ની બજવણી કરી હોવાનું માલુમ પડ્યું છે ત્યારે કેમ યોગ્ય નિર્ણય અથવા તો અભ્યાસ કરવામાં આવતો નથી તે અંગે કોચિંગ ક્લાસ એસોસિએશન એ પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. ફાયર વિભાગ દ્વારા નોટિસ પાઠવી જણાવવામાં આવ્યું કે અગ્નિશામક સાધનો પૂરતા પ્રમાણમાં નહીં હોય તો ગણતરીના સાત દિવસમાં જ તેને લઈ લેવામાં આવે જો નહીં થાય તો ક્લાસ સીલ કરી દેવામાં આવશે. મળતી માહિતી મુજબ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા એ પણ ખાસ એ વાતની સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે જે કોચિંગ ક્લાસ માં ફાયર એનઓસી ના હોય અથવા તો અગ્નિસામક સાધનો ન હોય તે તમામને ત્યાં સુધી સીલ કરવામાં આવે જ્યાં સુધી યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં ન આવે.

રાજકોટ મનપાના વર્ષો જુના સીલસીલામાં ફરી એકવખત શહેરના કોચિંગ ક્લાસી અને શૈક્ષણિક સંસ્થાઓમાં ફાયર સેફ્ટીની ચકાસણી માટે ધોંસ શરૂ કરવામા આવી છે. ફાયર સેફ્ટીના સાધનો વસાવી લેવા માટે મનપાએ અલ્ટીમેટમ આપ્યા બાદ



એન.ઓ.સી. માટે આવેલી અરજી પરથી ફાયર બ્રિગેડ શાખાએ એન.ઓ.સી. આપતા પહેલા ચકાસણીનો દોર શરૂ કર્યો છે. છેલ્લા પાંચ દિવસમાં ૩૭થી વધુ ઇન્સ્ટીટ્યુટને નોટિસ ફટકારવામા આવી છે. દરમિયાન આજે ટ્યુશન ક્લાસીસ એસોસિએશનની એક મિટિંગ મનપાએ બોલાવી હતી.ચેકીંગ દરમિયાન ફાયર સેફ્ટીનો અભાવ હશે તો નોટિસની મુદત સુધીમાં જો સુરક્ષાની વ્યવસ્થા કરીને એન.ઓ.સી. લેવામા નહીં આવે તો ઇન્સ્ટીટ્યુટ સીલ કરી દેવામા આવશે તેવી ચેતવણી આપવામા આવી હતી. જો કે સુરતની તક્ષશીલા બિલ્ડીંગના કોચિંગ ક્લાસીસમાં આગ લાગ્યાની ઘટના બની હતી ત્યારે રાજકોટના જે કોચિંગ ક્લાસીસ, ઇન્સ્ટીટ્યુટને નોટિસો અપાઇ હતી એ જ તમામ ક્લાસીસને ફરી નોટિસ આપવામા આવી રહી છે. નોટિસ પે નોટિસના આવા નાટકનો કોઇ અર્થ સરતો નથી. ઠોંસ કદમ લેવાના બદલે મિટિંગ બોલાવવી, નોટિસ આપવી, સીલની માત્ર ચીમકી જ આપવાનો સીલસીલો આજે પણ જારી રાખવામા આવ્યો છે.મ્યુનિ. કમિશનર તુષાર સુમેરાએ એવો તાકીદનો હુકમ જારી કર્યો છે કે, ફાયર એન.ઓ.સી. વગરની શાળા-કોલેજ કે અન્ય કોઇપણ કોચિંગ ક્લાસીસ પકડાય તો જ્યા સુધી એન.ઓ.સી. ન લે ત્યાં સુધી બંધ કરાવવા. જરૂર પડ્યે સીલ કરી દેવાનો પણ કડક આદેશ ફાયરબ્રિગેડ શાખાને આપ્યો છે. એ પૂર્વે શાળા અને ટ્યુશન સંચાલકો સાથે મનપાએ મિટીંગ કરીને ફાયર સેફ્ટીની ગાઇડલાઇન સમજાવવામા આવી રહી છે. પંદર દિવસમાં જ ફાયર સેફ્ટીના સાધનો વસાવી લેવા માટે અલ્ટીમેટમ અપાઇ રહ્યુ છે.દરમિયાન આજે નિર્મલા રોડ પર આવેલા ફાયર સ્ટેશનમાં રાજકોટ ટ્યુશન ક્લાસીસી એસોસિએશનના હોદેદારો સાથે મિટિંગ રાખવામા આવી હતી. એસોસિએશન સાથે જોડાયેલા હોય તેવા રાજકોટના તમામ કોચિંગ ક્લાસીસના નામ અને સરનામા સાથેની યાદી માગવામા આવી છે. આજે સાંજ સુધીમાં આ યાદી મનપાને મોકલી દેવામા આવશે તેવી ખાતરી એસોસિએશને આપી છે. દરમિયાન ટ્યુશન સંચાલકોને એવી ચેતવણી આપવામા આવી છે કે, ચેકીંગ દરમિયાન જો ફાયર સુરક્ષામાં કોઇ ફોલ્ટ જણાશે તો સુરક્ષા માટેના સાધનો ફીટ કરવા માટે સાતથી દસ દિવસની મુદત આપતી નોટિસ આપવામા આવશે. મુદત સુધીમાં જો સાધનો ફીટ કરવામા આવેલા નહીં હોય તો ક્લાસીસ સીલ કરી દેવામા આવશે.હાલ આવનારા દિવસોમાં મહાનગરપાલિકાન ફાયર વિભાગ શું પગલાં લેશે તે હવે જોવાનું રહ્યું પરંતુ જે રીતે હેરાનગતિ થઈ રહી હોવાના આક્ષેપો કોચિંગ ક્લાસ એસોસિએશન દ્વારા કરવામાં આવી રહ્યા છે તે ન થાય તે માટેની રજૂઆત પણ કરવામાં આવી હતી.